


PRGI No. GUJGUJ/2016/70752

# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

PUBLISHED GUJARATI DAILY FROM AHMEDABAD

Volume : 10
Issue : 290
Dt.: 25-08-2026,
Tuesday
Page:04
Rs.00.50 paisa


### મહારાષ્ટ્રના અમરાવતીમાં મોટી દુર્ઘટના

# મહિલા હોસ્પિટલના SNCUમાં લાગી આગ, ત્રણ નવજાત બાળકોના મોત

## અમરાવતી જિલ્લામાં મહિલા હોસ્પિટલના SNCU વોર્ડમાં ગઈકાલે મોડી રાત્રે આગ લાગી હતી, જેના કારણે મોટા પ્રમાણમાં ગભરાટ ફેલાયો હતો

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ,

મહારાષ્ટ્રના અમરાવતીમાં એક દુઃખદ ઘટના બની છે. સોમવારે (૨૪ ઓગસ્ટ) સવારે ૩:૩૦ વાગ્યે અહીં મહિલા હોસ્પિટલના નવા મકાનમાં સિક ન્યુબોર્ન કેર યુનિટ (SNCU)માં ભીષણ આગ લાગી હતી. આગ લાગવાનું કારણ હજુ સુધી સ્પષ્ટ થયું નથી. આગમાં ત્રણ નવજાત બાળકોના મોત થયા હતા, જેના કારણે વિસ્તારમાં ગભરાટ ફેલાયો હતો. SNCUમાં સામાન્ય રીતે ૫૦થી ૬૦ નવજાત બાળકો હોય છે, જેમાં અકાળ જન્મ, ઓછા વજનવાળા અને ગંભીર રીતે બીમાર બાળકોનો સમાવેશ થાય છે. આગ લાગ્યા પછી તરત જ, હોસ્પિટલના કર્મચારીઓએ બાળકોને સુરક્ષિત રીતે બહાર કાઢવાનું શરૂ કર્યું. ત્યારબાદ ફાયર ફાઈટર પણ ત્યાં પહોંચ્યા હતા. નવજાત બાળકોના મોત બાદ પરિવારના લોકો પણ બેભાન થઈ ગયા હતા.

મોડી રાત્રે લાગેલી આગથી સમગ્ર વોર્ડમાં ગભરાટ ફેલાયો હતો. કારણ નક્કી કરવા માટે તપાસ ચાલી રહી છે. શરૂઆતની તપાસ સૂચવે છે કે શોર્ટ સર્કિટને કારણે આગ લાગી હોઈ શકે છે. જો કે, અધિકારીઓ દ્વારા હજુ સુધી આ વાતની પુષ્ટિ કરવામાં આવી નથી.

આગ લાગ્યા પછી તરત જ, સ્ટાફે યુનિટમાંથી નવજાત શિશુઓને બહાર કાઢવાનું શરૂ કર્યું હતું. આમ છતાં, આ ઘટનામાં ઓછામાં ઓછા ત્રણ નવજાત બાળકોના મોત થયા છે. આ બાળકોને યુનિટમાં દાખલ કરવામાં આવ્યા હતા. ઘાયલ થયેલા કેટલાક બાળકોને ડિવિઝનલ રેફરલ હોસ્પિટલમાં સારવાર માટે મોકલવામાં આવ્યા છે. એવું જાણવા મળ્યું છે કે તેમાંથી ચારની સારવાર ચાલી રહી છે, જેમાંથી એકની હાલત ગંભીર છે. ઘટના બાદ બાળકોની સારવાર કરનારા જિલ્લા સિવિલ સર્જન ડૉ. વિનોદ પવારે જણાવ્યું હતું કે કેટલાક બાળકોને PDMC હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. સંપૂર્ણ વિગતો અને આગ લાગવાનું કારણ તપાસ પુર્ણ થયા પછી જ જાણી શકાશે. આ ઘટનાએ હોસ્પિટલની સુરક્ષા વ્યવસ્થા પર પ્રશ્નો ઉભા થયા છે. આ ઘટના એવા સમયે બની છે, જ્યારે તાજેતરમાં દેશના અનેક શહેરોમાં હોટલમાં આગ લાગવાની ઘટનાઓ સામે આવી છે, જેમાં બે ડઝનથી વધુ લોકોના મોત થયા છે. પ્રશ્ન એ ઊભો થાય છે કે આ ઘટનાઓમાંથી શીખવાને બદલે વહીવટી અધિકારીઓ ચૂપ કેમ રહે છે. હોસ્પિટલમાં આગ લાગવાની ઘટનાએ ફરી એકવાર સ્પષ્ટ કરી દીધું છે કે વહીવટીતંત્ર ઘટના પછી જ જાગે છે.



### US-ભારત ટ્રેડ ડીલ પર નવું અપડેટ

## ઓક્ટોબર મહિનામાં સમજુતી ફાઈનલ કરવા આવશે રુબિયો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારત અને અમેરિકા વચ્ચે લાંબા સમયથી ચાલી રહેલી ટ્રેડ ડીલ હવે તેના ફાઈનલ રાઉન્ડમાં પહોંચી ગઈ છે. અમેરિકામાં ભારતના રાજદૂત સર્જિયો ગોરે સંકેત આપ્યા છે કે, બન્ને દેશો વચ્ચે પ્રસ્તાવિત ટ્રેડ ડીલના લગભગ તમામ મુખ્ય ભાગો પર સહમતિ બની ચૂકી છે. હવે ડીલની કાનૂની અને ટેકનિકલ ભાષાને આખરી ઓપ આપવાનું કામ ચાલી રહ્યું છે. આ વચ્ચે અમેરિકા વિદેશ મંત્રી માર્કો રુબિયો ઓક્ટોબરમાં ફરીથી ભારતની મુલાકાતે આવશે.

સર્જિયો ગોરે 'ધ ઈકોનોમિક ટાઈમ્સ વર્લ્ડ લીડર્સ ફોરમ'માં કહ્યું કે, વેપાર સમજુતીને લઈને 'સૈદ્ધાંતિક રીતે લગભગ બધું જ' નક્કી થઈ ચૂક્યું છે. તેમણે કહ્યું કે, હવે મુખ્ય કામ સમજુતીના ટેક્સ્ટને આખરી ઓપ આપવાનું છે. તેમણે જણાવ્યું કે, ડીલને ફાઈનલ કરવામાં એટલા માટે પણ મોડું થઈ રહ્યું છે કારણ કે હજુ લીગલ અને ટેકનિકલ ભાષાને લઈને કામ ચાલી રહ્યું છે. અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રુબિયો ઓક્ટોબરમાં ભારતની મુલાકાતે આવશે. આ તેમનો આ વર્ષનો બીજો ભારત પ્રવાસ હશે. સર્જિયો ગોરના જણાવ્યા અનુસાર, રુબિયો આ પહેલા મે મહિનામાં લગભગ પાંચ દિવસ ભારતમાં રહ્યા હતા અને હવે ઓક્ટોબરમાં તેમનો ઘણા દિવસોનો પ્રવાસ પ્રસ્તાવિત છે. એટલા ઓછા અંતરાલમાં અમેરિકી પ્રશાસનના એક શીર્ષ અધિકારીની ફરીથી ભારત યાત્રાને બન્ને દેશો વચ્ચે વધતા વ્યૂહાત્મક અને આર્થિક સંપર્ક તરીકે પણ જોવામાં આવી રહ્યા છે. રશિયા પાસેથી ઓઈલ ખરીદનારા દેશો પર ૧૦૦ ટકા ટેરિફ લગાવવાની સાથે જોડાયેલા અમેરિકી કોંગ્રેસના પ્રસ્તાવ પર પણ સર્જિયો ગોર સ્પષ્ટતા કરી. તેમણે કહ્યું કે, આ પ્રસ્તાવને રિપબ્લિકન અને ડેમોક્રેટિક, બન્ને પક્ષોના સાંસદોનું સમર્થન મળ્યું છે, પરંતુ તેને વ્હાઈટ હાઉસની પહેલ તરીકે ન જોવું જોઈએ. ગોરના જણાવ્યા અનુસાર, રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે આવા ટેરિફ લગાવવાની માંગ નથી કરી. તેમણે કહ્યું કે, ટ્રમ્પ રશિયા-યુક્રેન યુદ્ધ (Russia-Ukraine War) ખતમ કરાવવા માટે સતત પ્રયાસ કરી રહ્યા છે. ગોરે યુદ્ધને બન્ને દેશો માટે એક મોટી ત્રાસદી ગણાવી અને કહ્યું કે, અમેરિકાની પ્રાથમિકતા આ સંઘર્ષનું વહેલી તકે શાંતિપૂર્ણ સમાધાન લાવવાનું છે. અમેરિકાના રાજદૂતે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના વ્યક્તિગત સંબંધોને પણ ભારત-અમેરિકા સંબંધોનો મજબૂતીનો મહત્ત્વપૂર્ણ આધાર ગણાવ્યો. તેમના મતે બન્ને નેતાઓ વચ્ચે વિશ્વાસ અને સારો વ્યક્તિગત તાલમેલ છે. તેમણે કહ્યું કે, આવનારા સમયમાં ભારત-અમેરિકા સંબંધો વૈશ્વિક સ્તરે મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે.

### લીક ઓડિયોમાં ગોલ્ડી બરાડીની કબૂલાત

## ખાલિસ્તાની આતંકી નિજ્જરની હત્યા મામલે મોટો ખુલાસો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ખાલિસ્તાની આતંકવાદી હરદીપ સિંહ નિજ્જરની હત્યાને લઈને મોટો ખુલાસો સામે આવ્યો છે. ખાલિસ્તાની સમર્થક આતંકવાદી પરમજીત સિંહ પમ્મા સાથેની વાતચીતના એક લીક ઓડિયોમાં, ગેંગસ્ટર ગોલ્ડી બરાડે જૂન ૨૦૨૩માં કેનેડામાં આતંકી હરદીપ સિંહ નિજ્જરની હત્યાનું કાવતરું ઘડ્યું હોવાની કબૂલાત કરી છે. બરાડે કહ્યું કે, ડ્રગ્સ તસ્કરી અને નશાકારક દવાઓના વપરાશને પ્રોત્સાહન આપવામાં સામેલ હોવાના કારણે નિજ્જરને નિશાન બનાવાયો હતો. ગુપ્તચર સૂત્રોએ પુષ્ટિ કરી છે કે, લીક થયેલા ઓડિયોમાં અવાજ બરાડનો જ હતો. ગાયક સિદ્ધુ મૂસેવાલાની હત્યા સહિત ભારતમાં અનેક હત્યાના ગુનામાં વાંછિત બરાડને એવું કહેતો સાંભળી શકાય છે કે, નિજ્જર દ્વારા કિશોરોમાં ડ્રગ્સને પ્રોત્સાહન આપવાના કૃત્યથી તે નારાજ હતો. આ વાત ઓપરેશન હાર્ડબોલ દરમિયાન સામે આવી, જે આંતરરાષ્ટ્રીય ક્રાઈમ સિન્ડિકેટ વિરુદ્ધ અમેરિકા અને કેનેડાની લો એન્ફોર્સમેન્ટ એજન્સીઓનું એક સંયુક્ત અભિયાન હતું. તપાસમાં બરાડ અને લોરેન્સ બિશ્નોઈને નિજ્જરની હત્યાનું કાવતરું ઘડવા માટે દોષિત ઠેરવવામાં આવ્યા હતા, જેનાથી આ હાઈ-પ્રોફાઈલ હત્યાને રાજ્ય-પ્રાયોજિત હત્યાના બદલે ગેંગવોર સાથે જોડાયેલી ઘટના તરીકે જોવામાં આવી. બરાડને પમ્મા સાથે એવું કહેતો સાંભળી શકાય છે કે, જે લોકોએ ૧૬-૧૭ વર્ષના બાળકોને ડ્રગ્સ વેચવા માટે તૈયાર કર્યા અને ઉશ્કેર્યા, જેમણે યુવાનોને ડ્રગ્સ વેચવા તથા બાતમીદાર બનાવવા માટે બ્લેકમેલ કર્યા, નિજ્જરે એવા લોકોનું સમર્થન કર્યું અને તેમને મજબૂત કર્યા જેથી જરૂર પડે ત્યારે તેમનો ઉપયોગ કરી શકાય. આ જ કારણે મારે અને મારી ટીમે નિજ્જરની હત્યા કરવી પડી, કારણ કે આ લોકો યુવાનોનો ઉપયોગ ડ્રગ્સ વેચવા માટે કરી રહ્યા હતા. સારું હોય કે ખરાબ, દરેક વ્યક્તિએ પોતાના કર્મોનું પરિણામ ભોગવવું જ પડે છે. નિજ્જરની હત્યાના મામલે ઓપરેશન હાર્ડબોલ હેઠળ બરાડ અને લોરેન્સ પર આરોપ લાગ્યા બાદ સામે આવેલી બરાડની આ કબૂલાત કેનેડા પોલીસની શરૂઆતી તપાસ સાથે પણ મેળ ખાય છે, જેમાં ગેંગની પરસ્પર દુશ્મનાવટનો સંકેત મળ્યો હતો.

### નેપાળના Gen-Z 'હીરો' બાલેન શાહથી લોકોનો મોહભંગ!

## નેપાળના વડાપ્રધાન બાલેન શાહની લોકપ્રિયતા ૧૫૦ દિવસમાં ઘટી

(સંપૂર્ણ સમાચાર સેવા)કાઠમંડુ,

નેપાળના વડાપ્રધાન બાલેન શાહે સત્તા પર ૧૫૦ દિવસ પુરા કર્યા છે, જોકે હવે તેમની લોકપ્રિયતામાં મોટો ઘટાડો થયો છે. જ્યારે દેશમાં જેન-ઝી આંદોલન થયું હતું, ત્યારે યુવાઓએ બાલેનને આશાસ્પદ નેતા અને જૂની રાજકીય સિસ્ટમ વિરુદ્ધ નવા ચહેરા તરીકે પસંદ કર્યા હતા. જોકે હવે તેમના શાસન પર જ સવાલો ઉઠી રહ્યા છે. તેમની જ પાર્ટીમાં ખેંચતાણ, વ્યૂહાત્મક વિવાદ અને જાહેરમાં વધતી સતત નારાજગીના કારણે બાલેન શાહની મુશ્કેલીઓ વધારી દીધી છે.બાલેન શાહ ૨૭ માર્ચ-૨૦૨૬ના રોજ વડાપ્રધાન બન્યા હતા. તે પહેલા તેઓ કાઠમંડૂના મેયર હતા. બાલેન એન્જિનિયરિંગની સાથે રેપર તરીકે પણ ખૂબ જાણીતા છે. તેમણે માર્ચમાં યોજાયેલી ચૂંટણીમાં ચાર વખતના વડાપ્રધાન રહેલા કે.પી.શર્મા ઓલીને તેમના જ ગઢ ઝાપામાં હરાવ્યા હતા અને રાષ્ટ્રીય સ્વતંત્રતા પાર્ટી (RSP)ને મોટી જીત અપાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી.

વાસ્તવમાં તાજેતરમાં જ ભારત-નેપાળ સરહદ સંબંધી વિવાદ સામે આવ્યો હતો, જેના કારણે બાલેન શાહ સરકારની વ્યૂહાત્મક મુશ્કેલી વધી ગઈ છે. ભારત સાથે સંબંધોને લઈને બાલેનની નીતિની ઘણી ચર્ચા ચાલી રહી છે. તેમણે કેટલાક વિદેશી અધિકારીઓને મળવાનું પણ ટાળ્યું હતું, જોકે તેમણે ૧૦ ઓગસ્ટના રોજ ભારતીય રાજદૂત નવીન શ્રીવાસ્તવ અને ચીનના રાજદૂત ઝાંગ માઓમિંગ સાથે અલગ-અલગ મુલાકાત કરી હતી.

આ વિવાદ વચ્ચે RSPના અધ્યક્ષ રવિ લામિછાનેએ ભારતનો પ્રવાસ કર્યો હતો. આ દરમિયાન તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ગૃહમંત્રી અમિત શાહ અને વિદેશ મંત્રી એસ.જયશંકર સહિત અનેક નેતાઓ સાથે મુલાકાત કરી હતી. આ કારણે બાલેન અને તેમની પાર્ટીની અંદરના નેતૃત્વને લઈને નવી ચર્ચાઓ શરૂ થઈ ગઈ હતી. બાલેન સરકારની મુશ્કેલી ત્યારે વધી જ્યારે જુલાઈમાં કાઠમંડૂમાં રાઈડ-શેર ડ્રાઈવર ગણેશ નેપાલીના મોતનો મામલો ચગ્યો હતો, જેના કારણે યુવાઓ ગુસ્સે થઈને રસ્તાઓ પર ઉતરી આવ્યા હતા.

નેપાળના દક્ષિણ વિસ્તારોમાં હિન્દુ-મુસ્લિમ વચ્ચે થયેલી હિંસામાં ત્રણ લોકોના મોત થતાં સરકાર વધુ મુશ્કેલીમાં મુકાઈ હતી. આ મામલે બાલેન શાહે જાહેરમાં અપીલ પણ કરવી પડી હતી. બાલેન સંસદ અને પાર્ટીથી દૂરી વધારી રહ્યા છે, જે તેમના માટે મોટો સવાલ બની ગયો છે. ૨૧ ઓગસ્ટના રોજ તેઓ પાર્ટીની કેન્દ્રીય સમિતિની મુખ્ય બેઠકમાં સામેલ થયા ન હતા. આ ઉપરાંત તેઓ સંસદમાં ૩૯ સત્રોમાંથી માત્ર પાંચ વખત આવ્યા હતા. આ જ કારણે સ્પીકરે બાલેનને ૨૬ ઓગસ્ટના રોજ ગૃહના સવાલ-જવાબ સત્રમાં હાજર રહેવા નિર્દેશ આપ્યો છે.

## LPG ગ્રાહકો માટે સરકારનો મોટો આદેશ: જ્યાં પાઈપલાઈનની સુવિધા હોય ત્યાં PNG કનેક્શન લેવું ફરજિયાત

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

પશ્ચિમ એશિયામાં અમેરિકા અને ઈરાન વચ્ચે ફરી એક વખત યુદ્ધની સ્થિતિ સર્જાતા દુનિયા પર ક્રૂડ ઓઈલનું સંકટ તોળાઈ રહ્યું છે. આવા સમયે કેન્દ્ર સરકારે ફરીથી દેશભરમાં પીએનજી કનેક્શનના પ્રસાર પર ભાર મૂક્યો છે. પેટ્રોલિયમ મંત્રાલયે શહેરોમાં પીએનજી પાઈપલાઈનની સુવિધા હોય તેવી જગ્યાઓ પર એલપીજીના બાટલા આપવાનું બંધ કરવાનો આદેશ આપ્યો છે. આ અભિયાન સાથે સરકારે સ્પષ્ટ કર્યું છે કે પીએનજીની સુવિધા ઉપલબ્ધ હોય ત્યાં લોકોએ ફરજિયાત આ કનેક્શન લેવું પડશે. શહેરોમાં જ્યાં પણ પીએનજી કનેક્શન ઉપલબ્ધ હોય છતાં કનેક્શન ના લીધું હોય તેમને નોટિસ પાઠવાશે અને તેમનું એલપીજી કનેક્શન રદ કરશે.

પેટ્રોલિયમ મંત્રાલયે રાજ્ય સરકારો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં તંત્રને આદેશ આપ્યો છે કે એલપીજી સિલિન્ડરની જગ્યાએ પીએનજીના ઉપયોગને ઝડપથી પ્રોત્સાહન આપો, જેથી એલપીજીનો સપ્લાય ઘટાડી શકાય. જે વિસ્તારોમાં પીએનજી કનેક્શન પહોંચી ગયું છે અને છતાં લોકો એલપીજી કનેક્શન ચાલુ રાખતા હોય તો તેમના કનેક્શન રદ કરી દો. તેનો અર્થ એ છે કે પીએનજી પાઈપ લાઈનની સુવિધા હોય તેવા વિસ્તારોમાં એલપીજી ગેસ પૂરો પાડવામાં નહીં આવે. હાલના સંજોગોમાં શહેરોમાં પીએનજી પાઈપલાઈનની સુવિધા ઉપલબ્ધ હોવાથી શહેરોમાં એલપીજી કનેક્શન પર તવાઈ આવી શકે છે. પીએનજી કનેક્શનને પ્રોત્સાહન આપીને કેન્દ્ર સરકારનો આશય ગેસ પૂરવઠા વ્યવસ્થાને ડિજિટલ અને સુરક્ષિત બનાવવાનો છે.

નવા એલપીજી કંટ્રોલ ઓર્ડર ૨૦૨૬ અને નેચરલ ગેસ ડિસ્ટ્રીબ્યુશન ઓર્ડર ૨૦૨૬ હેઠળ નવા નિર્દેશો જાહેર કરાયા છે. આ નિર્દેશો હેઠળ કોઈપણ ઘરમાં પીએનજી અને એલપીજી કનેક્શન એક સાથે રાખી શકાશે નહીં. લોકોએ તેમના એલપીજી કનેક્શન સરન્ડર કરવા જ પડશે. પેટ્રોલિયમ સચિવ નીરજ મિત્તલે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને પત્ર મોકલીને કહ્યું કે, સરકારે એલપીજીથી પીએનજીમાં શિફ્ટ થવાના નિયમો આકરા કરી દીધા છે. પીએનજી કનેક્શનની પ્રોસેસને ઝડપી લાગુ કરવા માટે સરકારે વિશેષ ઈન્ફ્રાસ્ટ્રક્ચર તૈયાર કર્યું છે. ક્રૂડ ઓઈલ ડિસ્ટ્રિબ્યુશન કંપનીઓ અને સિટી ગેસ ડિસ્ટ્રીબ્યુશન કંપનીઓને દરેક ક્ષેત્રમાં પીએનજી સંકલન સમિતિ બનાવવા નિર્દેશ અપાયો છે. રાજ્યોને ખાદ્ય અને નાગરિક પૂરવઠા વિભાગના જિલ્લા પૂરવઠા અધિકારી સ્તરના અધિકારીઓને જિલ્લાના નોડલ અધિકારી બનાવવા નિર્દેશ અપાયો છે. મંત્રાલયે જણાવ્યું છે કે એવું રેગ્યુલેટરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર તૈયાર કરાયું છે, જેના હેઠળ પરિવાર પીએનજી અને એલપીજી બંને કનેક્શન એક સાથે રાખી શકશે નહીં.

## અર્ધસૈન્ય દળના નિવૃત્ત જવાનો જંતર મંતર પર ભૂખ હડતાળ કરશે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

CRPF, CISF જેવા કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળોના નિવૃત્ત જવાનો જૂની પેન્શન યોજના (OPS) ફરી લાગુ કરવા અને IPS અધિકારીઓના વર્ચસ્વ સામે દિલ્હીના જંતર-મંતર પર વિરોધ કરશે. ઓલ એક્સ પેરામિલિટરી ફોર્સ વેલફેર એસોસિએશન હેઠળ ૧૨ નવેમ્બરથી ભૂખ હડતાળ કરાશે.

કેન્દ્ર સરકાર તેમની માંગણીઓ પર ધ્યાન ન આપતી હોવાનો આક્ષેપ છે. કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળો જેમ કે સીઆરપીએફ, સીઆઈએસએફ વગેરેના નિવૃત્ત જવાનો દિલ્હીના જંતર મંતર પર ભૂખ હડતાળ પર ઉતરવાના છે. આ તમામ દળો માટે લાગુ કરાયેલ કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળ ૨૦૨૬ને લઈને આ વિરોધ જોવા મળી રહ્યો છે. કેન્દ્રીય દળોના જવાનો જુની પેંશન સ્કીમ ઓપીએસની વ્યવસ્થાને ફરી લાગુ કરવાની માગણી કરી રહ્યા છે. સાથે જ ડેપ્યુટેશન પર આવી રહેલા આઈપીએસ અધિકારીઓના વધી રહેલા વર્ચસ્વની પણ વિરુદ્ધમાં તેઓ છે. આ વિરોધ પ્રદર્શનો ઓલ એક્સ પેરામિલિટરી ફોર્સ વેલફેર એસોસિએશનના બેનર હેઠળ આયોજીત કરવામાં આવી રહ્યા છે.આ સંગઠનના સચિવ રણબીરસિંહે આરોપ લગાવ્યો છે કે કેન્દ્ર સરકાર લાંબા સમયથી અમારી માગણીઓ પર ધ્યાન નથી આપી રહી. હવે જો સરકાર અમારી માગણીઓ નહીં સાંભળે તો ૧૨મી નવેમ્બરથી દિલ્હીના જંતર મંતર પર ભૂખ હડતાળ કરીશું. ગૃહમંત્રી અમિત શાહને લખેલા પત્રમાં પણ આ કાયદાને રદ કરવાની માગણી કરવામાં આવી હતી. જોકે સરકાર તરફથી કોઈ જ યોગ્ય જવાબ ના મળતા અંતે ભૂખ હડતાળનો નિર્ણય લેવો પડી રહ્યો છે.




# તંત્રી લેખ......

## ખાંડ પછી, ડુંગળી મોંઘી થઈ

કેન્દ્ર સરકાર માટે ચિંતાનો વિષય હોવો જોઈએ કે ખાંડના વધતા ભાવ વચ્ચે ડુંગળીના ભાવ પણ અણધાર્યા રીતે વધી રહ્યા છે. છેલ્લા ઘણા વર્ષોથી, ચોમાસા દરમિયાન ડુંગળીના પુરવઠાની અછત જોવા મળી છે, જેના કારણે ભાવમાં વધારો થયો છે, પરંતુ આ સમયાંતરે થવું યોગ્ય નથી. ખાદ્ય અને નાગરિક પુરવઠા વિભાગે સમયસર જરૂરી ખાદ્ય પદાર્થોના પુરવઠામાં અછતનું મૂલ્યાંકન કરવું જોઈએ.વધુમાં, સમાન કારણોસર ડુંગળી અને અન્ય શાકભાજીની વારંવાર થતી અછતને રોકવા માટે પણ પગલાં લેવા જોઈએ. જો કેન્દ્ર સરકાર રાજ્યો સાથે ગાઢ સંપર્કમાં રહે અને આવશ્યક ચીજવસ્તુઓના પુરવઠા પર સતત નજર રાખે તો આ સુવિધા મળશે. એ સ્પષ્ટ છે કે શાકભાજી અથવા અનાજના ઉત્પાદનમાં ઘટાડો નિકટવર્તી છે. પાક ઉત્પાદનમાં ઘટાડો થવાની શક્યતા દેખાય કે તરત જ કેન્દ્ર સરકારે જરૂરી પગલાં લેવા જોઈએ. સરકારોએ સમજવું જોઈએ કે એકવાર આવશ્યક ચીજવસ્તુનો પુરવઠો દુર્લભ થઈ જાય અને ભાવ વધે, તો તેને નિયંત્રિત કરવું મુશ્કેલ બની જાય છે, કારણ કે નફાખોરો અને સંગ્રહખોરો સક્રિય થઈ જાય છે. જથ્થાબંધ બજારમાં ડુંગળીનો બફર સ્ટોક સીધો ઉપલબ્ધ કરાવવાના સરકારના પગલાં કેટલા અસરકારક સાબિત થશે તે જોવાનું બાકી છે. સરકારોએ એ વાતથી અજાણ ન રહેવું જોઈએ કે ડુંગળી જેવી આવશ્યક ચીજવસ્તુઓના વધતા ભાવ પ્રતિકૂળ રાજકીય વાતાવરણ બનાવે છે અને ક્યારેક ચૂંટણીઓને પણ પ્રભાવિત કરે છે.

સમસ્યા ફક્ત એ નથી કે ખાંડના ભાવ વધ્યા છે, અને હવે ડુંગળીમાં પણ વધારો થયો છે. સમસ્યા એ છે કે આવનારા દિવસોમાં કેટલાક શાકભાજી અને ખાદ્ય તેલના ભાવ પણ વધવાની ધારણા છે. જો આવું થશે, તો ફુગાવો વધશે, જે સામાન્ય માણસને અસર કરશે. સરકારે આવશ્યક ચીજવસ્તુઓના પુરવઠા પર દેખરેખ રાખવા માટે જવાબદાર સિસ્ટમને સુવ્યવસ્થિત કરવાનો સમય આવી ગયો છે. એ વાત સાચી છે કે ક્યારેક કેટલીક આવશ્યક ચીજવસ્તુઓની અછત હોય છે કારણ કે તેમનો પુરવઠો આયાત પર આધાર રાખે છે, અને આંતરરાષ્ટ્રીય બજારમાં વધતા ભાવ તેમને ઊંચા ભાવે આયાત કરવા મજબૂર કરે છે. આ બધા છતાં, એ ધ્યાનમાં લેવું જોઈએ કે, કૃષિપ્રધાન દેશ હોવા છતાં, ભારતને કઠોળ અને ખાદ્ય તેલની આયાત કેમ કરવી પડે છે. કઠોળ અને તેલીબિયાંનું ઉત્પાદન વધારવાના પ્રયાસો ફળ આપતા નથી તે યોગ્ય નથી. આજે, જ્યારે આત્મનિર્ભરતાની વાત થઈ રહી છે, ત્યારે કઠોળ અને તેલીબિયાંનું ઉત્પાદન વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરવું ખૂબ જ મહત્વપૂર્ણ છે.

### મુખ્યમંત્રીશ્રી અને ગુજરાત ડેલિગેશન કેનેડામાં

# જ્યાં વસ્યા હોય ત્યાં ગુજરાતનો માહોલ ઊભો કરી શકે તે ગુજરાતી: મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ

### ટોરેન્ટો એરપોર્ટ પર પરંપરાગત સ્વાગત અને ફ્રેન્ડ્સ ઓફ ગુજરાત-કેનેડા દ્વારા સત્કાર સમારોહ યોજાયો

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ગૌરવભેર જણાવ્યું છે કે, જ્યાં પણ વસ્યા હોય ત્યાં ગુજરાતનો માહોલ ઊભો કરી શકે તે ગુજરાતીની આગવી ઓળખ છે.

મુખ્યમંત્રીશ્રી અને ગુજરાત પ્રતિનિધિ મંડળના સ્વાગત માટે ફ્રેન્ડ્સ ઓફ ગુજરાત-કેનેડાએ આયોજિત કરેલા સત્કાર સમારોહમાં શ્રી ભૂપેન્દ્ર પટેલ સંબોધન કરી રહ્યા હતા.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વનું ગુજરાત ડેલીગેશન યુ.એસ. પ્રવાસ સફળતાપૂર્વક પૂર્ણ કરીને રવિવારે કેનેડા પહોંચ્યું છે. ટોરેન્ટો એરપોર્ટ પહોંચેલા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલનું પરંપરાગત સ્વાગત ગુજરાતી સમુદાયોના અગ્રણીઓ અને કોન્સ્યુલેટ જનરલ ઓફ ઈન્ડિયા દ્વારા થયું હતું.

મુખ્યમંત્રીશ્રીએ સત્કાર સમારોહમાં ગુજરાતી સમુદાયો સાથે સંવાદ કરતા ગુજરાતની ભૂતકાળની સ્થિતિ અને હાલ દેશના ગ્રોથ એન્જિન તરીકેની ઓળખ બેયની વિષદ છણાવટ કરતાં કહ્યું કે, ૧૯૬૦માં મહારાષ્ટ્રથી અલગ રાજ્ય તરીકે ગુજરાત જુદું પડ્યું ત્યારે રોડ-રસ્તા, ગામડાઓમાં વીજળી, પાણી જેવી પાયાની સુવિધાઓ પણ પૂરતી ન હતી.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિઝનથી ગુજરાત એ પરિસ્થિતિમાંથી બહાર આવીને દેશનું ગ્રોથ એન્જિન બન્યું છે તેમ જણાવતા મુખ્યમંત્રી કહ્યું કે, શ્રી નરેન્દ્રભાઈ મોદીએ હંમેશા મોટા લક્ષ્યો સાથે વિકાસનો જે વિચાર આપ્યો છે તેના જ પરિણામે આજે આખા ગુજરાતનું ડેવલપમેન્ટ ખૂબ સારી રીતે થઈ શક્યું છે. મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યુ કે, દરેક ગુજરાતી ગૌરવ લઈ શકે કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ ગુજરાતની ધરતીના એવા પુત્ર છે કે વડાપ્રધાન તરીકે જે જે દેશમાં ગયા ત્યાં તેમને સર્વોચ્ચ સન્માનથી સન્માનવામાં આવ્યા છે. ભારતના પાસપોર્ટની વેલ્યુ વધી છે અને ભારતીયો-ગુજરાતીઓ પ્રત્યે જોવાની સ્થિતિમાં પણ મોટો બદલાવ આવ્યો છે. તેમણે ગુજરાતના સર્વાંગી વિકાસની ભૂમિકા ફેડરેશન ઓફ ગુજરાત-કેનેડાના પરિવારો સમક્ષ આપતા કહ્યું કે, ગુજરાત એટલે વિકાસ આ બેય શબ્દો પર્યાય બની ગયા છે. ગુજરાતમાં ૬ સેમિકન્ડક્ટર પ્લાન્ટ શરૂ થયા છે. એટલું જ નહીં, વાયબ્રન્ટ ગુજરાત સમિટની સફળતાથી વધુને વધુ ઈન્વેસ્ટમેન્ટ ગુજરાતમાં આવતું થયું છે. મુખ્યમંત્રીશ્રીએ કેનેડાના અર્થતંત્રમાં મળી રહેલા ગુજરાતીઓના મજબૂત સહયોગ અને સહકારની પ્રશંસા કરીને અભિનંદન પાઠવ્યા હતા.

તેમણે એમ પણ જણાવ્યું કે, કેનેડાના ગુજરાતી ઉદ્યોગ સાહસિકોએ જન્મભૂમિ પ્રત્યેનું ઋણ અદા કરવા ગુજરાતમાં પણ રોકાણો માટે આવવું જોઈએ. આ સંદર્ભમાં મુખ્યમંત્રીશ્રીએ આગામી વાયબ્રન્ટ સમિટ ૨૦૨૭માં કેનેડાના ગુજરાતી સમુદાયોને જોડાવા આમંત્રણ પાઠવ્યું હતું. મુખ્ય સચિવ શ્રી એમ.કે.દાસ, અધિક મુખ્ય સચિવશ્રીઓ સર્વેશ્રી ટી.નટરાજન, શ્રીમતી મમતા વર્મા, મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવ શ્રી સંજીવકુમાર, અગ્ર સચિવ શ્રી રાજેન્દ્ર કુમાર અને મુખ્યમંત્રીશ્રીના અધિક અગ્ર સચિવ શ્રી ડૉ. વિક્રાંત પાંડે સહિત ગુજરાત ડેલિગેશનના સભ્યો અને ફ્રેન્ડ્સ ઓફ ગુજરાત કેનેડાના સદસ્યો આ અવસરે ઉપસ્થિત રહ્યા હતા.



### રાજ્યમાં H1N1ના દર્દીઓની હાલત સામાન્ય: આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયા

# રાજ્યમાં મોસમી રોગચાળો સંપૂર્ણ કંટ્રોલમાં: H1N1 (સીઝનલ ફ્લૂ) સામેના આગોતરા આયોજન અંગે આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાની અધ્યક્ષતામાં ગાંધીનગર ખાતે ઉચ્ચસ્તરીય સમીક્ષા બેઠક યોજાઈ

રાજ્યમાં ચોમાસાની ઋતુ દરમિયાન પાણીજન્ય અને મચ્છરજન્ય રોગચાળા પર મેળવેલા સફળ નિયંત્રણ તેમજ સીઝનલ ફ્લૂ (H1N1) સામેની આગોતરી સજ્જતાની સમીક્ષા કરવા માટે આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાના અધ્યક્ષસ્થાને ઉચ્ચ અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજાઈ હતી. વીડિયો કોન્ફરન્સના માધ્યમથી આયોજિત આ બેઠકમાં રાજ્યની વિવિધ સિવિલ હોસ્પિટલોના તબીબી અધિક્ષકો, મેડિકલ કોલેજોના ડિન તેમજ જિલ્લા અને મહાનગર પાલિકાઓના વરિષ્ઠ આરોગ્ય અધિકારીઓ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.





આરોગ્ય મંત્રીશ્રીએ ચોમાસા દરમિયાન આરોગ્ય વિભાગના તમામ જિલ્લા આરોગ્ય તંત્રો દ્વારા કરવામાં આવેલી કામગીરીને બિરદાવતા જણાવ્યું હતું કે, ઝાડા-ઉલટી, ટાઈફોઈડ, કોલેરા, મલેરિયા, ચિકનગુનિયા, કમળો કે સામાન્ય સીઝનલ ફ્લૂ જેવા રોગોમાં દર્દીઓને સરકારી હોસ્પિટલોમાં ઝડપી અને શ્રેષ્ઠ સારવાર આપવામાં આવી છે, તબીબો અને આરોગ્ય સ્ટાફ દ્વારા હોસ્પિટલોમાં આપવામાં આવતી નિષ્ઠાપૂર્વકની સેવાઓના પરિણામે જ ગુજરાતનું હેલ્થ મોડલ આજે સમગ્ર દેશમાં ઉદાહરણરૂપ અને નોંધપાત્ર સ્થાન ધરાવે છે. વધુમાં આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું હતું કે, દિલ્હી અને મુંબઈ જેવા મહાનગરોમાંથી H1N1 (સીઝનલ ફ્લૂ)ના કેસો સામે આવી રહ્યા છે અને આ બંને શહેરોમાંથી ફ્લાઈટ્સ, ટ્રેન તથા બસ માર્ગે નાગરિકોનું ગુજરાતમાં સતત આવાગમન રહે છે. મંત્રીશ્રીએ સ્પષ્ટતા કરતાં ઉમેર્યું હતું કે, રાજ્યમાં H1N1નો કોઈ ગંભીર ઉપદ્રવ નથી. દર્દીઓની હાલત સામાન્ય હોવાથી રાજ્યના નાગરિકોએ સહેજ પણ ચિંતા કરવાની જરૂર નથી. આરોગ્ય મંત્રીશ્રીએ વીડિયો કોન્ફરન્સના માધ્યમથી અધિકારીઓને આદેશ આપતાં જણાવ્યું હતું કે, વર્ષ-૨૦૧૯ની H1N1 ગાઈડલાઈન મુજબ જ રાજ્યની તમામ હોસ્પિટલોમાં દર્દીઓના સેમ્પલિંગ, ટેસ્ટિંગ અને સારવારની પ્રક્રિયાનું ચોક્કસ પાલન થાય તેમજ ઈમરજન્સી વિભાગો, તબીબો અને નર્સિંગ સ્ટાફને આ અંગે જરૂરી સૂચનાઓ આપવામાં આવે.

આ ઉપરાંત H1N1 (સીઝનલ ફ્લૂ) સામેની સજ્જતાના ભાગરૂપે મંત્રીશ્રીએ રાજ્યની સિવિલ હોસ્પિટલોના તબીબી અધિક્ષકો, મેડિકલ કોલેજોના ડિન તેમજ જિલ્લા અને મહાનગર પાલિકાઓના સિનિયર આરોગ્ય અધિકારીઓને તમામ સરકારી હોસ્પિટલોમાં જરૂરી દવાઓ, ઓક્સિજન અને વેન્ટિલેટરની પર્યાપ્ત સુવિધાઓ ઉપલબ્ધ રાખવા નિર્દેશ પણ આપ્યા હતા. આરોગ્ય મંત્રી શ્રી પાનશેરીયાએ વધુમાં જણાવ્યું હતું કે, જો કોઈ હોસ્પિટલમાં ટેકનિકલ કે સ્ટાફ સંબંધિત પ્રશ્નો હોય તો હોસ્પિટલના તબીબી અધિકારીઓએ આંતરિક સ્તરે જ તેનો ઉકેલ લાવવો જેથી દર્દીઓની સેવાઓ ખોરવાય નહીં. આ ઉપરાંત, હોસ્પિટલોમાં સ્વચ્છતા અભિયાનને વધુ મજબૂત બનાવવા પર પણ મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાએ ખાસ ભાર મૂક્યો હતો. - પ્રિન્સ ચાવલા

## કારેલીબાગના ખોડીયારનગરમાં ગટરના પાણીથી લોકો પરેશાન

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

કારેલીબાગના ખોડીયારનગર વિસ્તારમાં શાનેન શાળા પાસે ડ્રેનેજનું દૂષિત અને દુર્ગંધયુક્ત પાણી ઉભરાતા સ્થાનિક લોકો મુશ્કેલીમાં મુકાયા છે. ગટરના પાણી મુખ્ય માર્ગ પર ફરી વળતા રાહદારીઓ અને વાહનચાલકોને અવરજવર કરવામાં ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. વિદ્યાર્થીઓને પણ દૂષિત પાણીમાંથી પસાર થવાની ફરજ પડી રહી છે. ખોડીયારનગર, અયોધ્યાનગર, સહયોગનગર અને સુંદરમ પાર્ક સહિતની અનેક વસાહતોને જોડતા આ મુખ્ય માર્ગ પરથી મોટી સંખ્યામાં લોકો અવરજવર કરે છે. તેમ છતાં માર્ગ પર ગટરના પાણી ભરાઈ રહેતા સ્વચ્છતાની સ્થિતિ કથળી છે અને વિસ્તારમાં દુર્ગંધ ફેલાઈ રહી છે.

સ્થાનિક સામાજિક કાર્યકરના જણાવ્યા મુજબ, ડ્રેનેજનું પાણી સતત ઉભરાવાને કારણે મુખ્ય માર્ગ પર ગંદકીની સ્થિતિ સર્જાઈ છે.

## રાજકોટ મનપાનો નવતર પ્રયોગ: મચ્છરોનો ઉપદ્રવ નાથવા મનપાએ શરૂ કર્યો ડ્રોનથી દવા છંટકાવ

(સંપૂર્ણ સમાચાર સેવા)રાજકોટ

ચોમાસા દરમિયાન શહેરમાં ડેન્ગ્યુ, મેલેરિયા અને ચિકનગુનિયા જેવા મચ્છરજન્ય રોગચાળાના જોખમને પહોંચી વળવા માટે રાજકોટ મહાનગરપાલિકાએ પરંપરાગત રીતોની સાથે હવે આધુનિક ટેકનોલોજીનો સહારો લીધો છે. રાજકોટ મનપા દ્વારા મચ્છરોનો ઉપદ્રવ અટકાવવા ડ્રોન મારફતે મચ્છરનાશક દવાઓનો છંટકાવ કરવાનો નવતર પ્રયોગ શરૂ કરવામાં આવ્યો છે. આ હાઈટેક અભિયાનની સત્તાવાર શરૂઆત રાજકોટના પવિત્ર રામનાથ મહાદેવ મંદિર પરિસર ખાતેથી મનપા મેયર અને આરોગ્ય સમિતિના અધિકારીઓની હાજરીમાં કરવામાં આવી હતી. આ યોજના હેઠળ ૩ અલગ-અલગ વિશેષ ટીમો બનાવવામાં આવી છે.

**ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ**

માર્કેટયાર્ડ ખેડ-તસીયા રોડ હિંમતનગર ફોન :

ભાવ ૨૦ કીલો મુજબ - તારીખ મુજબ આવક માલ ભાવ - સોમવાર, ૨૪/૦૮/૨૦૨૬

| અ.નં. | આઇટમ વિગત | આવક | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|---|
| ૧ | મગફળી | ૦ | ૧,૪૦૦.૦૦ | ૧,૭૦૦.૦૦ |
| ૨ | એરંડા | ૦ | ૧,૪૧૦.૦૦ | ૧,૪૩૮.૦૦ |
| ૩ | ઘઉં | ૨૭૧ | ૫૨૦.૦૦ | ૫૭૨.૦૦ |
| ૪ | બાજરી | 3 | ૪૫૦.૦૦ | ૪૬૪.૦૦ |
| ૫ | મકાઇ | ૦ | ૪૯૦.૦૦ | ૫૧૪.૦૦ |

મુનિમજી સોફ્ટવેર

# PDEU-ગાંધીનગર ખાતે 'Summit of the Future: SEQUENCE 2026' સમિટ યોજાઈ: ગુજરાત બનશે ક્વોન્ટમ અને સેમિકન્ડક્ટર હબ

પંડિત દીનદયાળ એનર્જી યુનિવર્સિટી (PDEU) ખાતે અદ્યતન ટેકનોલોજી, સેમિકન્ડક્ટર, ક્વોન્ટમ કમ્પ્યુટિંગ, રિન્યુએબલ એનર્જી અને ક્લાઈમેટ એક્શન જેવા મહત્વપૂર્ણ વૈશ્વિક વિષયો પર 'Summit of the Future: SEQUENCE 2026' યોજાઈ હતી.

આ પ્રસંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી તેમજ વન, પર્યાવરણ અને ક્લાઈમેટ ચેન્જ કેબિનેટ મંત્રી શ્રી અર્જુન મોઢવાડિયાએ જણાવ્યું કે, ભૂતકાળમાં ગુજરાતે કેમિકલ, ટેક્સટાઈલ, ડાયમંડ અને લોજિસ્ટિક્સ જેવા પરંપરાગત ક્ષેત્રોમાં સમગ્ર દેશમાં મોખરાનું સ્થાન મેળવ્યું હતું. તત્કાલીન મુખ્યમંત્રી અને વર્તમાન વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ અલાયદા વિભાગ તરીકે 'સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ'ની સ્થાપના કરીને રાજ્યમાં 'સનરાઈઝ સેક્ટર્સ' માટે મજબૂત પાયો નાખ્યો હતો. જેના પરિણામે છેલ્લા દોઢ દાયકામાં ગુજરાતે આ ક્ષેત્રે અભૂતપૂર્વ પ્રગતિ સાધી છે. વધુમાં મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, 'ઈન્ડિયા સેમિકન્ડક્ટર મિશન' (ISM) હેઠળ દેશભરમાં મંજૂર થયેલા ૧૨ રોકાણ પ્રપોઝલ્સમાંથી ૬ પ્લાન્ટ્સ માત્ર ગુજરાતમાં જ સ્થાપિત થઈ રહ્યા છે. રાજ્યમાં 'કેન્સ સેમિકોન' (Kaynes Semicon) અને 'સીજી સેમી' (CG Semi) સહિતના મહાકાય પ્રોજેક્ટ્સ ઝડપથી આકાર લઈ રહ્યા છે અને આગામી એક વર્ષમાં તેનું ઉત્પાદન શરૂ થાય તેવી શક્યતા છે. આ સાથે જ ફોરવર્ડ અને બેકવર્ડ ઈન્ટિગ્રેશન દ્વારા કેમિકલ્સ, ગેસ અને ઈલેક્ટ્રોનિક ઈક્વિપમેન્ટ્સ માટેની એક મજબૂત અને સંપૂર્ણ ઈકોસિસ્ટમ ગુજરાતમાં વિકસાવવામાં આવી રહી છે. રાષ્ટ્રીય અંતરિક્ષ દિવસની ઉજવણી અને ચંદ્રયાન-૩ ની ઐતિહાસિક સફળતાને યાદ કરતા સાયન્સ એન્ડ ટેકનોલોજી મંત્રી શ્રી અર્જુન મોઢવાડિયાએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની ઉદાર અને પ્રોત્સાહક નીતિઓના પરિણામે આજે દેશમાં ૩૫૦ થી વધુ સ્પેસ સ્ટાર્ટઅપ્સ સફળતાપૂર્વક કાર્યરત થયા છે. અમદાવાદ નજીક સાણંદ ખાતે 'ગુજરાત સ્પેસ પાર્ક' આકાર લઈ રહ્યો છે, જ્યાં 'અઝિસ્ટા સ્પેસ' (Azista Space) કંપનીએ નાના ઉપગ્રહોના ઉત્પાદન માટેની અત્યાધુનિક સુવિધા સ્થાપવાની કામગીરી પણ શરૂ કરી દીધી છે. વર્ષ ૨૦૪૭ સુધીમાં ભારતની સ્પેસ ઈકોનોમી ૧ ટ્રિલિયન ડોલર સુધી પહોંચશે તેવો વિશ્વાસ પણ મંત્રી શ્રીએ વ્યકત કર્યો હતો.

મંત્રીશ્રીએ યુવાનોને સંબોધતા જણાવ્યું કે, નવી પેઢી હવે માત્ર ટેકનોલોજીની વપરાશકર્તા નથી રહી, પરંતુ તે પોતે જ સંશોધક, સર્જક અને ઉદ્યોગસાહસિક બની રહી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાત સરકાર તમામ ક્ષેત્રોના ૩૬૦ ડિગ્રી સર્વાંગી વિકાસ તરફ આગળ વધી રહી છે તેમ જણાવી મંત્રીશ્રીએ દેશ-વિદેશના તમામ ઉદ્યોગકારો અને સ્ટાર્ટઅપ્સને ગુજરાતમાં પોતાનો બેઝ સ્થાપવા માટે ખુલ્લું આમંત્રણ આપ્યું હતું. આ પ્રસંગે PDEU ખાતે ટૂંક સમયમાં જ અત્યાધુનિક 'સેન્ટર ઓફ એક્સેલન્સ ઈન ક્લાઈમેટ એક્શન' શરૂ કરવાની મહત્વપૂર્ણ જાહેરાત પણ મંત્રીશ્રીએ કરી હતી.

ભારતમાં તાઈવાનના પ્રતિનિધિ ડૉ. મુ-મિન ચેને (Dr. Mumin Chen) જણાવ્યું હતું કે, તાઈવાન ભલે કુદરતી સંસાધનોની દ્રષ્ટિએ એક નાનો દ્વીપ-દેશ હોય, પરંતુ તેણે પોતાની અદ્યતન ટેકનોલોજી અને સેમિકન્ડક્ટર ચિપ નિર્માણ દ્વારા વૈશ્વિક સ્તરે અગ્રીમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. વર્ષ ૧૯૫૦ના દાયકાથી શરૂ કરીને આજે વિશ્વની અગ્રણી અર્થવ્યવસ્થાઓમાં સ્થાન મેળવવા પાછળ તાઈવાનનું મજબૂત IT સેક્ટર અને આંતરરાષ્ટ્રીય ભાગીદારી મુખ્ય પરિબળ છે. સ્માર્ટફોન અને કમ્પ્યુટર્સથી લઈને અદ્યતન ડિજિટલ સાધનોને ગતિ આપતી ચિપ્સનું ઉત્પાદન કરીને તાઈવાને સંશોધન અને વેપારના સહયોગથી અભૂતપૂર્વ આર્થિક વિકાસ સાધ્યો છે.

ડૉ. ચેને વધુમાં ઉમેર્યું હતું કે, ભારત અને તાઈવાન વચ્ચે ટેકનોલોજીકલ સહયોગ સતત વધી રહ્યો છે. વર્તમાન સમયમાં લગભગ ૩૫૦ જેટલી તાઈવાની કંપનીઓએ ભારતમાં ૬ અબજ ડોલરથી વધુનું રોકાણ કરીને ૨ લાખથી વધુ લોકોને રોજગારી પૂરી પાડી છે. દક્ષિણ ભારતના રાજ્યો ઉપરાંત હવે ગુજરાત પણ સેમિકન્ડક્ટર અને અન્ય મહત્વપૂર્ણ ઉદ્યોગોના રોકાણ માટે એક પ્રમુખ કેન્દ્ર તરીકે ઉભરી રહ્યું છે. ટેકનોલોજી ક્ષેત્રે ભવિષ્યના ટેલેન્ટની જરૂરિયાતો પૂર્ણ કરવા માટે તાઈવાન હવે ભારતીય વિદ્યાર્થીઓ, પ્રોફેસરો અને અગ્રણી યુનિવર્સિટીઓ સાથે શૈક્ષણિક આદાન-પ્રદાન તેમજ સંયુક્ત સંશોધનને વધુ મજબૂત બનાવવા માટે પ્રતિબદ્ધ છે.

પૂર્વ કેન્દ્રીય રાજ્યમંત્રી શ્રીમતી મીનાક્ષી લેખીએ જણાવ્યું હતું કે, 'વિકસિત ભારત ૨૦૪૭'ના સ્વપ્નને સાકાર કરવા માટે દેશના શૈક્ષણિક ક્ષેત્ર અને ઉદ્યોગોએ હાથ મિલાવીને કામ કરવું અત્યંત જરૂરી છે. ગુજરાત હંમેશા નવીન વિચારો અને વિકાસલક્ષી કાર્યોને ઝડપથી અમલમાં મૂકવા માટે અગ્રેસર રહ્યું છે. અહીં સ્વાયત્ત અને ગુણવત્તાયુક્ત શિક્ષણ સંસ્થાઓ થકી દેશની યુવા પ્રતિભાઓને યોગ્ય માર્ગદર્શન મળી રહ્યું છે, જે રાષ્ટ્રના નવનિર્માણમાં સિંહફાળો આપી રહી છે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, આજના આધુનિક યુગમાં સેમિકન્ડક્ટર, ક્વોન્ટમ ટેકનોલોજી, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) અને ગ્રીન એનર્જી જેવા ઉભરતા ક્ષેત્રોમાં ભારતે આત્મનિર્ભર બનવું જ પડશે. આ ઉપરાંત, પર્યાવરણ સંરક્ષણ અને ક્લાઈમેટ ચેન્જ સામે સક્ષમ બનવા માટે પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ તથા સસ્ટેનેબલ ટેકનોલોજી પર ધ્યાન કેન્દ્રિત કરવું એ વર્તમાન સમયની તાતી જરૂરિયાત છે. એકેડેમિક્સ, ઔદ્યોગિક જગત અને નીતિ નિર્ધારકોના સંયુક્ત પ્રયાસોથી જ ભારત ૨૦૪૭ સુધીમાં એક મજબૂત, સમૃદ્ધ અને પર્યાવરણ-અનુકૂળ વિકસિત રાષ્ટ્ર તરીકે ઊભરી આવશે તેવો દ્રઢ વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો. પંડિત દીનદયાળ એનર્જી યુનિવર્સિટી (PDEU) ના ડાયરેક્ટર જનરલ ડૉ. એસ. સુંદર મનોહરને સ્વાગત પ્રવચન આપતાં જણાવ્યું હતું કે, 'SEQUENCE 2026' એ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના 'વિકસિત ભારત ૨૦૪૭' અને 'નયા ભારત'ના વિઝનને સાકાર કરવા તરફનું એક અગત્યનું કદમ છે, જેનો મુખ્ય આધાર અદ્યતન ટેકનોલોજી અને ડિજિટલ લીપ-ફ્રોગિંગ (Digital Leap-frogging) છે. આ ભવ્ય લક્ષ્યને હાંસલ કરવા માટે સરકાર, ઔદ્યોગિક જગત અને શૈક્ષણિક સંસ્થાઓ (Academia) વચ્ચેનું ત્રિવેણી સંગમ સમાન જોડાણ અત્યંત અનિવાર્ય છે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, PDEU યુનિવર્સિટીએ સ્કિલિંગના ક્ષેત્રમાં શિક્ષણ અને ઉદ્યોગ વચ્ચેના અંતરને પૂરવા માટે પોતે એક 'ઈન્ડસ્ટ્રી હબ' બનીને ઐતિહાસિક પહેલ કરી છે. જેમાં સોલાર પેનલનું ઉત્પાદન તેમજ નિકાસ અને વૈશ્વિક ક્ષેત્રની અગ્રણી કંપની 'માઈક્રોન' (Micron) સાથે મળીને સેમિકન્ડક્ટર મિશન હેઠળ અત્યાધુનિક ATMP (Assembly, Testing, Marking and Packaging) તાલીમ સુવિધા શરૂ કરવાનો સમાવેશ થાય છે. સરકારના પ્રોત્સાહન અને ઉદ્યોગપતિઓના સહયોગથી આજે શિક્ષણ જગત નવી ક્ષમતાઓ કેળવી રહ્યું છે, જે ગુજરાતથી શરૂ થઈને સમગ્ર દેશમાં 'વિકસિત ભારત'ના મિશનને નવી ઊંચાઈઓ પર લઈ જશે.

કાર્યક્રમ દરમિયાન 'QpiAI' ના સંસ્થાપક અને સીઈઓ ડૉ. નાગેન્દ્ર નાગરાજાએ ક્વોન્ટમ કમ્પ્યુટિંગના ભવિષ્ય અંગે તથા 'કેન્સ સેમિકોન' (Kaynes Semicon) ના ઓપરેશન હેડ શ્રી પોલ ઈલાંગોવને દેશમાં સેમિકન્ડક્ટર ઈકોસિસ્ટમના વિકાસ અંગે અત્યંત મહત્વપૂર્ણ અને સચોટ વિગતો રજૂ કરી હતી. અંતમાં, PDEU ની સ્કૂલ ઓફ ટેકનોલોજીના ડાયરેક્ટર પ્રો. અનીર્બિદ સરકારે ઉપસ્થિત તમામ મહાનુભાવો, વિજ્ઞાનીઓ, ઉદ્યોગ સાહસિકો અને વિદ્યાર્થીઓનો આભાર વ્યક્ત કરીને આભારવિધિ સંપન્ન કરી હતી.

આ પ્રસંગે અત્યાધુનિક 'સેન્ટર ઓફ એક્સેલન્સ (CoE) - ક્વોન્ટમ કમ્પ્યુટિંગ' નું વિધિવત લોન્ચિંગ કરવામાં આવ્યું હતું તેમજ તેને સંબંધિત એક વિશેષ વીડિયો પણ રિલીઝ કરવામાં આવ્યો હતો.

આ સમિટ દરમિયાન શૈક્ષણિક અને ઔદ્યોગિક ક્ષેત્ર વચ્ચેના પરસ્પર સહયોગ માટે PDEU દ્વારા 'QpiAI', 'Space Society Of Mechanical Engineers', 'Universitas Jember-Indonesia', 'Oizom Intruments Pvt.Ltd., 'Reliance Industries Limited, 'BAJAJ Engineering Skills Training Centre', 'NIPER-A Ahmedabad' તેમજ 'ONGC Green LTD'- સાથે (MoUs) નું આદાન-પ્રદાન કરવામાં આવ્યું હતું. આ સાથે જ સંબંધિત વિષય પરના એક વિશેષ પુસ્તકનું વિમોચન પણ ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ઘાના, મોઝામ્બિક, યુએસ કોન્સ્યુલેટ, બ્રિટિશ દૂતાવાસના પ્રતિનિધિઓ તેમજ ૫૦થી વધુ અગ્રણી ઉદ્યોગપતિઓ અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા, સંસ્થાના વિકાસલક્ષી સમાચાર, બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ
એક શુભેચ્છક

PRGI NO. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002
and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA
Regd.Office : B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424 Gujarat,India. Phone : (o) 7698333307 (M) 8485951747,7096333307
Email : navsarjansanskruti2016@gmail.com • navsarjansanskruti2016@yahoo.com • Website : www.navsarjansanskruti.com

### રાજ્યપાલશ્રી સુરત જિલ્લાની બે દિવસીય મુલાકાતે

# રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ બારડોલીના ટીંબરવા ગામે ‘એક પેડ મા કે નામ’ અભિયાન અંતર્ગત વૃક્ષારોપણ કર્યું







રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ આજે બારડોલી તાલુકાના ટીંબરવા ગામની મુલાકાત દરમિયાન પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી પ્રેરિત ‘એક પેડ મા કે નામ’ અભિયાન અંતર્ગત વૃક્ષારોપણ કરી પર્યાવરણ સંરક્ષણનો પ્રેરણાદાયી સંદેશ આપ્યો હતો. આ પેહલા કાર્યક્રમ સ્થળે રાજ્યપાલશ્રીનું ગ્રામજનોએ ભાવભીનું સ્વાગત કર્યું હતું.

મુલાકાતની શરૂઆત રાજ્યપાલશ્રીના હસ્તે વૃક્ષારોપણથી થઈ હતી. રાજ્યપાલશ્રીએ ગ્રામજનો સાથે ૧૬૭૫ જેટલા ફળાઉ અને ઔષધિય વૃક્ષોનું ઉત્સાહપૂર્વક વાવેતર કરી પર્યાવરણ પ્રત્યેની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

આ પ્રસંગે રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, માતાના નામે રોપાયેલું એક પણ વૃક્ષ મૂરઝાવું - મરવું ન જોઈએ. વૃક્ષો માત્ર મનુષ્યને જ નહીં, પરંતુ અસંખ્ય જીવોને જીવન આપે છે. વૃક્ષોથી ઓક્સિજન, ફળ-ફૂલ, ઔષધિઓ અને પંખીઓ માટે આશ્રય સહિત અનેક અમૂલ્ય ભેટો મળે છે. માનવજીવન પૂર્ણ થયા બાદ પણ વૃક્ષો સમાજ માટે ઉપયોગી બની રહે છે. તેથી વૃક્ષ વાવવું અને તેનું જતન કરવું એ પુણ્ય કાર્ય છે.

રાજ્યપાલશ્રીએ ગ્રામજનોને પરિવારના કોઈ સભ્યના જન્મદિવસ કે અન્ય આનંદના પ્રસંગે વૃક્ષારોપણ કરવાનો સંકલ્પ કરવા અપીલ કરી હતી. સાથે જ માત્ર વૃક્ષ વાવી દેવાને બદલે તેની નિયમિત સારસંભાળ અને જતન કરવાનું પણ આહ્વાન કર્યું હતું.

તેમણે પ્રેરણાદાયી સંદેશ આપતાં જણાવ્યું હતું કે, વૃક્ષને માત્ર ત્રણ વર્ષ સાચવો, એ આપણી પેઢીઓને સાચવશે. ભોજન અને પાણી વિના થોડો સમય રહી શકાય છે, પરંતુ ઓક્સિજન વિના ક્ષણભર પણ જીવન શક્ય નથી. તેથી સૌએ પ્રકૃતિના રક્ષક બની વૃક્ષોનું જતન કરવા અને વૃક્ષ જેવા પરોપકારી ગુણો કેળવવા તેમણે અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે ધારાસભ્યશ્રી મોહનભાઈ ઢોડિયા, જિલ્લા કલેક્ટરશ્રી તેજસ પરમાર, જિલ્લા પોલીસ વડા શ્રી રાજેશ ગઢીયા, નાયબ વન સંરક્ષકશ્રી ધીરજ કુમાર, પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ-ગાંધીનગરના સંયુક્ત ખેતી નિયામકશ્રી એન.જી.ગામીત, પ્રાંત અધિકારી સુશ્રી આર.જે.પટેલ, જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી સતીષ ગામીત, અગ્રણીશ્રી ભાવેશ પટેલ, પદાધિકારી-અધિકારીઓ અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

★રાજ્યપાલશ્રીએ ‘સ્વચ્છતા હી સેવા’ મંત્રને સાર્થક કરતા જાતે હાથમાં ઝાડુ લઈને ટીંબરવા ગામની શેરીઓમાં સફાઈ કરી

રાજ્યપાલશ્રીએ ‘સ્વચ્છતા હી સેવા’ મંત્રને સાર્થક કરતા જાતે હાથમાં ઝાડુ લઈને ગ્રામજનો સાથે ટીંબરવા ગામની શેરીઓમાં સફાઈ કરી હતી. આ તકે તેમણે ગામના સ્વચ્છતા કર્મીઓને સન્માનિત કર્યા હતા. ગ્રામજનોને આ જનજાગૃતિ અભિયાનમાં જોડતા તેમણે જણાવ્યું કે, જ્યારે આપણું આંગણું, શેરી અને ગામ સ્વચ્છ હશે, ત્યારે જ એક સ્વસ્થ સમાજનું નિર્માણ થશે.

ગામમાં સફાઈકર્મીઓ અને ગ્રામજનો સાથે સફાઈ કરીને સ્વચ્છતાને દૈનિક જીવનશૈલીનો હિસ્સો બનાવવાનું આહ્વાન કરતા કહ્યું કે, જ્યાં સ્વચ્છતા હોય છે, ત્યાં આરોગ્ય, પ્રસન્નતા અને સમૃદ્ધિનો વાસ હોય છે.

# આમ આદમી પાર્ટી ધારાસભ્ય ચૈતર વસાવાની મુશ્કેલીમાં વધારો : હાઈકોર્ટે ફગાવ્યા જામીન

પ્રતિનિધિ,ગાંધીનગર



આમ આદમી પાર્ટીના ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવા માટે કાનુની મુશ્કેલીઓ વધી છે. વન વિભાગના કર્મચારીઓ પર હુમલો કરવા અને ધમકી આપવાના કેસમાં ચૈતર વસાવાએ ગુજરાત હાઈકોર્ટમાં જામીન અરજી દાખલ કરી હતી. જો કે ગુજરાત હાઈકોર્ટે સુનાવણી બાદ તેમને કોઈપણ પ્રકારની રાહત આપવાનો સ્પષ્ટ ઈન્કાર કરી દીધો છે.

ગુજરાત હાઈકોર્ટે આ કેસની સુનાવણી દરમિયાન નોંધ્યુ છે કે આરોપી સામે લાગેલા આક્ષેપો અને કેસની પરિસ્થિતિ અત્યંત ગંભીર છે. લોક પ્રતિનિધિ તરીકે આવા ગંભીર ગુન્હામાં સામેલગીરી અને કેસની ગંભીરતાને ધ્યાનમાં રાખીને કોર્ટ તેમને જામીન પર મુકત કરવાનો ઈન્કાર કરી અરજી ફગાવી દીધી છે. આ સમગ્ર વિવાદ ૨૦૨૩ માં નર્મદા જિલ્લાના બોગાજ ગામ નજીક વન જમીન પરના દબાણ હટાવવાની ઝુંબેશ બાદ શરૂ થયો હતો. આક્ષેપ મુજબ ધારાસભ્ય ચૈતર વસાવાએ વન વિભાગના કર્મચારીઓને પોતાના નિવાસસ્થાને બોલાવીને તેમની સાથે મારપીટ કરી હતી. હવામાં ગોળીબાર કરી ધમકાવ્યા હતા અને નાણાંની માંગણી કરી હતી, આ મામલે ડેડીયાપાડા પોલીસ સ્ટેશનમાં સત્તાવાર ફરીયાદ નોંધાઈ હતી. રાજપીપળા ની સેશન્સ કોર્ટે ચૈતર વસાવા સહિતના આરોપીઓને આ કેસમાં દોષિત ઠેરવીને ૭ વરસની સખત કેદની સજા અને દંડ ફટકાર્યો હતો. આ નીચલી અદાલતના ચુકાદા અને સજા સામે ચૈતર વસાવાએ હાઈકોર્ટના ધ્વાર ખટખટાવ્યા હતા. જો કે હાઈકોર્ટે જામીન અરજી ફગાવી દેતા હવે તેમની મુશ્કેલીઓમાં નોધપાત્ર વધારો થયો છે.

### ‘હર હર મહાદેવ’ના જયઘોષથી ગુંજ્યું મંદિર પરિસર

# શ્રાવણના બીજા સોમવારે સોમનાથમાં ભક્તોનું ઘોડાપૂર

(સંપૂર્ણ સમાચાર સેવા)ગીર સોમનાથ

ગીર સોમનાથમાં પવિત્ર શ્રાવણ માસના બીજા સોમવારે સોમનાથ મહાદેવના દર્શન માટે ભક્તોનું ઘોડાપૂર જોવા મળ્યું હતું. વહેલી સવારથી જ સોમનાથ મંદિર તરફ શિવભક્તોની અવરજવર વધી હતી અને હજારોની સંખ્યામાં ભક્તો ભગવાન સોમનાથના દર્શન કરવા માટે પહોંચ્યા હતા. શ્રાવણના સોમવારને ભગવાન શિવની આરાધના માટે વિશેષ પવિત્ર માનવામાં આવતો હોવાથી સોમનાથમાં ભક્તોમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. ભક્તો શ્રદ્ધા અને ભક્તિભાવ સાથે સોમનાથ મહાદેવના દર્શન માટે પહોંચ્યા હતા.

મંદિર પરિસરમાં મોટી સંખ્યામાં ભક્તો એકત્ર થતાં સમગ્ર વાતાવરણ શિવમય બની ગયું હતું. ચારેય તરફ ‘હર હર મહાદેવ’ અને ‘જય સોમનાથ’ના જયઘોષ સંભળાઈ રહ્યા હતા. ભક્તોના જયઘોષથી સમગ્ર મંદિર પરિસર ગુંજી ઉઠ્યું હતું. અનેક ભક્તો ભગવાન શિવના દર્શન કરીને પોતાની મનોકામના પૂર્ણ થાય તેવી પ્રાર્થના કરતા જોવા મળ્યા હતા. શ્રાવણના બીજા સોમવારે સોમનાથ મહાદેવના દર્શન માટે આવેલા શ્રદ્ધાળુઓમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો અને ભક્તિભાવ સાથે લોકોએ ભગવાન સોમનાથના દર્શનનો લાભ લીધો હતો.


ભક્તોની મોટી સંખ્યાને ધ્યાનમાં રાખીને સોમનાથ ટ્રસ્ટ દ્વારા પણ દર્શનાર્થીઓ માટે સુચારુ વ્યવસ્થા કરવામાં આવી હતી. ભક્તોને કોઈ મુશ્કેલી ન પડે અને તેઓ સરળતાથી ભગવાન સોમનાથના દર્શન કરી શકે તે માટે જરૂરી વ્યવસ્થાઓ ગોઠવવામાં આવી હતી. શ્રાવણ માસ દરમિયાન સોમનાથ ખાતે મોટી સંખ્યામાં ભક્તો ઉમટતા હોય છે ત્યારે આગામી દિવસોમાં પણ દર્શનાર્થીઓની સંખ્યા વધવાની શક્યતા છે. શ્રાવણ માસ દરમિયાન લાખો ભક્તો સોમનાથ મહાદેવના દર્શન માટે પહોંચે તેવી શક્યતા છે.

શ્રાવણ માસને હિન્દુ ધર્મમાં ભગવાન શિવની આરાધના માટે વિશેષ મહત્વ ધરાવતો મહિનો માનવામાં આવે છે. આ મહિનામાં ભક્તો ભગવાન શિવની પૂજા કરે છે, જળાભિષેક કરે છે અને બિલિપત્ર અર્પણ કરે છે.

ખાસ કરીને શ્રાવણના સોમવારને શિવભક્તો માટે અત્યંત પવિત્ર માનવામાં આવે છે. શ્રદ્ધાળુઓ ઉપવાસ, પૂજા અને ભગવાન શિવના દર્શન કરીને ભક્તિમાં લીન બને છે. ગુજરાતમાં પણ શ્રાવણ માસ દરમિયાન વિવિધ શિવ મંદિરોમાં મોટી સંખ્યામાં ભક્તો ઉમટી પડે છે. સોમનાથમાં શ્રાવણ દરમિયાન વિશેષ ધાર્મિક માહોલ જોવા મળે છે અને ભક્તોની સંખ્યા સતત વધતી રહે છે. સોમનાથ ટ્રસ્ટ દ્વારા પણ શ્રાવણ માસ દરમિયાન વિશેષ ધાર્મિક આયોજન કરવામાં આવે છે.

# ખેતર મારૂ તો થાંભલો તમારો કેમ? જુનાગઢમાં ખેડુતો સાથે ગોપાલ ઈટાલીયાનો હલ્લાબોલ : નિરાકરણ નહી આવે તો રામધુનની ચેતવણી

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ



જુનાગઢ જિલ્લામાં ખેડુતોને લગતા વિજળી, સિંચાઈ અને વીજ લાઈનના થાંભલા સહિતના પ્રશ્નોને લઈને આમ આદમી પાર્ટીના વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાએ ખેડુતો સાથે મળીને રજુઆત કરી હતી. ઈટાલીયાના જણાવ્યા પ્રમાણે વિસાવદર, ભેંસાણ અને જુનાગઢ તાલુકાના ખેડુતોને અસરકરતા વિવિધ પ્રશ્નો અંગે જુનાગઢ જિલ્લા કલેકટર કચેરી તેમજ પીજીવીસીએલ ના અધિકારીઓ સમક્ષ રજુઆત કરવામાં આવી હતી.

આ દરમિયાન વિજળીની સમસ્યાઓથી લઈને સૌની યોજના મારફતે પાણી પહોચાડવા અને ખેતરોમાં વીજ લાઈનના થાંભલા નાંખવાના મુદ્દે ખેડુતોની રજુઆતો કરવામાં આવી હતી. ગોપાલ ઈટાલીયાના જણાવ્યા પ્રમાણે ખેડુતો સાથેની આ રજુઆતમાં અંદાજે ૫૦ જેટલા મુદ્દા લેખિત સ્વરૂપે વીજ વિભાગ સમક્ષ રજુ કરવામાં આવ્યા છે. ખેડુતોના જણાવ્યા મુજબ ગ્રામ્ય વિસ્તારોમાં વારંવાર વિજળી ખોરવાઈ જવી, લાઈન ટ્રીપીંગ થવુ, ટ્રાન્સફોર્મર બળી ગયા બાદ સમયસર બદલવામાં ન આવવુ તથા ફોલ્ટ ની ફરીયાદ કર્યા પછી લાંબા સમય સુધી સમારકામ ન થવા જેવી સમસ્યાઓનો સામનો કરવો પડે છે. આ મુદ્દાઓ અંગે પીજીવીસીએલ ના જુનાગઢ જિલ્લાના એકિઝકયુટીવ એન્જીનિયર સમક્ષ રજુઆત કરવામાં આવી હોવાનુ ઈટાલીયાએ જણાવ્યુ હતું.

ગ્રામ્ય વિસ્તારોમાં ખેતી માટે વિજળી મહત્વની હોવાથી વીજ પુરવઠામાં વારંવાર વિક્ષેપ આવે ત્યારે તેની સીધી અસર સિંચાઈ અને પાક પર પડી શકે છે. ઈટાલીયાના જણાવ્યા પ્રમાણે ખેડુતો દ્વારા વિજળીના વારંવાર ટ્રીપીંગ ઉપરાંત ટ્રાન્સફોર્મર બળી જાય ત્યારે તેને સમયસર બદલવામાં ન આવવા અંગે ફરીયાદ કરવામાં આવી છે. આ ઉપરાંત ટ્રાન્સફોર્મર રીપેરીંગ અને ટ્રાન્સફર સંબાંધિત પ્રશ્નો, સર્વિસમાં વિલંબ તથા વીજ ફોલ્ટ અંગે ફરીયાદ નોંધાવ્યા બાદ પણ લાંબા સમય સુધી સમારકામ ન થતુ હોવાની રજુઆત કરવામાં આવી છે. ઈટાલીયાના કહેવા પ્રમાણે ખેડુતો દ્વારા ફોલ્ટની જાણ કરવા માટે ઓફિસમાં ફોન કરવામાં આવે છે. પરંતુ ફરીયાદ યોગ્ય રીતે નોંધાતી નથી અથવા ફરીયાદ નોંધાયા બાદ પણ સમારકામમાં વિલંબ થાય છે. આ તમામ મુદ્દાઓને લેખિતમાં રજુ કરીને ઝડપી ઉકેલ લાવવાની માંગ કરવામાં આવી છે. પીજીવીસીએલ દ્વારા આ રજુઆતો અંગે શું કાર્યવાહી કરવામાં આવશે તે આગામી તબકકામાં મહત્વનુ રહેશે.

બીજો મહત્વનો મુદ્દો સૌની યોજના સાથે જોડાયેલો છે. ગોપાલ ઈટાલીયના જણાવ્યા પ્રમાણે વરસાદ ખેંચાતા વિસાવદર, ભેંસાણ અને જુનાગઢ તાલુકાના અનેક વિસ્તારોમાં ખેડુતોના પાકને પાણીની જરૂરીયાત ઉભી થઈ છે. આવી સ્થિતિમાં સૌની યોજના મારફતે ડેમ, તળાવ અથવા નદીમાં પાણી પહોચાડવામાં આવે તો ખેડુતોને સિંચાઈ માટે મદદ મળી શકે તેવી રજુઆત કરવામાં આવી છે. ખેડુતોની માંગ છે કે ઉપલબ્ધ જળસ્ત્રોતો અને યોજનાના માળખાનો ઉપયોગ કરીને જરૂરીયાતવાળા વિસ્તારો સુધી પાણી પહોચાડવામાં આવે, ઈટાલીયાએ જણાવ્યુ હતુ કે વરસાદ ખેંચાવાને કારણે જો પાક સુકાવવાની સ્થિતિ સર્જાય તો સિંચાઈ માટે પાણી ઉપલબ્ધ કરાવવાથી ખેડુતોનો પાક બચાવવામાં મદદ મળી શકે છે.

ત્રીજો મુદ્દો વીજલાઈનો માટે ખેતરોમાં નાંખવામાં આવતા થાંભલાઓ સાથે સંકળાયેલો છે. ખેડુત હિતરક્ષા સમિતિ તરફથી રમેશભાઈના નેતૃત્વમાં આ અંગે રજુઆત કરવામાં આવી હોવાનુ ઈટાલીયાએ જણાવ્યુ હતું. ઈટાલીયાના જણાવ્યા પ્રમાણે જેતપુર- શાહપુર વિસ્તારમાં ૬૬ કેવી અને ૨૨૦ કેવી ની વીજ લાઈન નાંખવામાં આવી છે અને તેના માટે કેટલાક ખેડુતોના ખેતરોમાં થાંભલા ઉભા કરવામાં આવ્યા છે. ખેડુતોનો આક્ષેપ છે કે જમીનનો ઉપયોગ થવા છતાં તેમને યોગ્ય વળતર ચુકવવામાં આવ્યુ નથી. આ મુદ્દે ખેડુતો તરફથી વળતરની માંગ કરવામાં આવી છે. ખેડુતો દ્વારા આ મુદ્દે ઉઠાવવામાં આવેલા સવાલને ઈટાલીયાએ પોતાના નિવેદનમાં ઉલ્લેખ કર્યો હતો કે ખેતર મારૂ તો થાંભલો તમારો કેમ ? સાથે જ ખેડુતોને માંગ છે કે તેમના ખેતરમાં વીજ વિભાગનો થાંભલો નાંખવામાં આવે તો જમીનના ઉપયોગ બદલ યોગ્ય વળતર મળવુ જોઈએ.

### તસ્કર ભીડનો લાભ ઉઠાવી ફરાર થઈ ગયો

# બહુચર માતાના મંદિરમાં મોબાઈલ ચોરીની ઘટના

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદના ભીડભાડ વાળા લાલ દરવાજા વિસ્તારમાં આવેલા પ્રસિદ્ધ બહુચર માતાના મંદિરમાંથી મોબાઈલ ચોરીની ઘટના સામે આવી છે.મંદિરમાં માતાજીના દર્શન કરવા આવેલા એક શ્રદ્ધાળુ વૃદ્ધનો કિંમતી આઈફોન તસ્કરે નજર ચૂકવીને સેરવી લીધો હતો.આ સમગ્ર ઘટના મંદિરના સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ છે.પોલીસે મંદિરના સીસીટીવી ફૂટેજના આધારે ચોરની ઓળખ છતી કરવાના ચક્ર ગતિમાન કર્યા છે.

પીડિત વૃદ્ધ લાલ દરવાજા સ્થિત બહુચર માતાના મંદિરે દર્શનાર્થે આવ્યા હતા.મંદિર પરિસરમાં શ્રદ્ધાળુઓની ભીડ વચ્ચે જ્યારે વૃદ્ધ માતાજીના દર્શનમાં અને ભક્તિમાં લીન હતા ત્યારે જ ચોરે તેમની આસપાસ રેકી કરીને તકનો લાભ ઉઠાવ્યો હતો.વૃદ્ધનું ધ્યાન ન હતું ત્યારે તસ્કરે અત્યંત ચાલાકીપૂર્વક તેમના ખિસ્સામાંથી આઈફોન બહાર કાઢી લીધો હતો અને ભીડનો લાભ ઉઠાવી સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો.દર્શન પૂર્ણ કરીને મંદિરની બહાર આવ્યા બાદ જ્યારે વૃદ્ધે પોતાનો ફોન તપાસ્યો ત્યારે તેમને ખિસ્સામાંથી આઈફોન ગાયબ હોવાની જાણ થઈ હતી. તેમણે તુરંત જ મંદિર પરિસર અને આસપાસના વિસ્તારમાં શોધખોળ શરૂ કરી હતી પરંતુ કોઈ પત્તો મળ્યો ન હતો.ત્યારબાદ મંદિર તંત્રની મદદથી સીસીટીવી ફૂટેજ ચકાસવામાં આવતા એક અજાણ્યો શખ્સ વૃદ્ધના ખિસ્સામાંથી ફોન ચોરતો નજરે પડ્યો હતો.પોતાની સાથે થયેલી ચોરી અંગે વૃદ્ધે નજીકના કારંજ પોલીસ સ્ટેશનમાં પહોંચીને લેખિત ફરિયાદ નોંધાવી હતી.ઘટનાની ગંભીરતાને ધ્યાને રાખીને કારંજ પોલીસે અજાણ્યા તસ્કર સામે ચોરીનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. ધાર્મિક સ્થળો પર વધતી જતી આવી ઘટનાઓને પગલે પોલીસે દર્શનાર્થીઓને પણ પોતાની કિંમતી ચીજવસ્તુઓ પ્રત્યે સાવચેત રહેવા અપીલ કરી છે.

### ગળું દબાવી યુવતિની હત્યા : મૃતદેહ ધાબા પર સંતાડી ચલાવી લુંટ : એસપી સહિત ઉચ્ચ પોલીસ અધિકારીઓનો કાફલો પહોચ્યો

# સુરત જિલ્લાના માંડવી તાલુકાના ગોદાવાડીમાં સનસનાટી : ૨૫ વર્ષીય યુવતિની ગળું દબાવી નિર્મમ હત્યા : રૂ.૨.૫૨ લાખના દાગીના-રોકડની લુંટ

પ્રતિનિધિ,ગાંધીનગર



સુરત જિલ્લાના માંડવી તાલુકાના ગોદાવાડી ગામેથી એક કાળજુ કંપાવી દે તેવી સનસનાટીભરી ઘટના બનવા પામી છે. ગામમાં રહેતા પરીવારના સભ્યો ધાર્મિક પ્રસંગ અર્થે બહાર ગામ ગયા હતા ત્યારે ૨૫ વર્ષીય યુવતિ ઘરમાં એકલી હતી, આ તકનો લાભ ઉઠાવીને ગત મોડી રાત્રે આશરે ૨ થી ૩ વાગ્યાના અરસામાં અજાણ્યા શખ્સો ઘરમાં ઘુસી આવ્યા હતા અને લુંટના ઈરાદા સાથે આ ખૌફનાક ખેલ ખેલ્યો હતો.

પ્રાથમિક આશંકા મુજબ ઘરમાં ઘુસેલા લુંટારૂઓએ યુવતિનુ ગળું દબાવીને તેની ક્રુરતાપૂર્વક હત્યા કરી નાંખી હતી. હત્યા કર્યા બાદ ગુન્હાના પુરાવા છુપાવવા અને પકડાઈ જવાના ડર થી આરોપીઓએ યુવતિના શંકાસ્પદ મૃતદેહ ને ઘરના ધાબા (અગાશી) પર સંતાડી દીધો હતો. ત્યારબાદ લુંટારૂઓએ આખા ઘરમાં રંદો મારીને સોનાચાંદીના કિંમતી દાગીના તેમજ રોકડ રકમ મળીને કુલ રૂપીયા ૨.૫૨ લાખની લુંટ ચલાવી ફરાર થઈ ગયા હતા. ઘટનાની જાણ થતા જ સુરત જિલ્લા પોલીસવડા, માંડવી પોલીસ, સ્થાનિક કક્ષાએથી એલસીબી અને એસઓજી સહિતનો વિશાળ પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો.

બનાવની ગંભીરતાને ધ્યાને રાખીને પેનલ ડોકટરો દ્વારા મૃતક યુવતિના મૃતદેહનુ પોસ્ટમોર્ટમ કરાવવામાં આવ્યુ છે. હત્યા અને લુંટના આ બનાવમાં સામેલ શખ્સો કોણ હતા અને શું તેઓ પરીવારની ગેરહાજરીથી માહિતગાર હતા કે પરિચિત હતા તે દિશામાં પોલીસે ઉંડાણપૂર્વક તપાસ શરૂ કરી છે. ગોદાવડી ગામ તેમજ આસપાસના મુખ્ય રોડ રસ્તાઓ અને હાઈવે પર લાગેલા સીસીટીવી કેમેરાના ફુટેજ તપાસવામાં આવી રહ્યા છે. સુરત ગ્રામ્ય પોલીસે લુંટારૂ હત્યારાઓને ઝડપી પાડવા અલગ અલગ ટીમો બનાવી ચક્રો ગતિમાન કર્યા છે.

### નકલી મરચાં બનાવતી ફેક્ટરી પર ફૂડ વિભાગનો દરોડો

# ડીસામાંથી ભેળસેળયુક્ત મરચું પાવડર ઝડપાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)બનાસકાંઠા

બનાસકાંઠા જિલ્લાના ડીસા સ્થિત જીઆઈડીસી વિસ્તારમાં આવેલા દર્શન માર્કેટીંગ નામના ઉત્પાદન એકમ પર ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગની ટીમે સરપ્રાઈઝ દરોડો પાડ્યો હતો. આ એકમમાં દૈનિક વપરાશની અગત્યની વસ્તુ એવા મરચાં પાવડરમાં મોટા પાયે અખાદ્ય પદાર્થોની ભેળસેળ કરવામાં આવતી હોવાની બાતમી મળતાં આ કડક કાર્યવાહી કરવામાં આવી હતી. દરોડા દરમિયાન અધિકારીઓને માલૂમ પડ્યું હતું કે, ઉત્પાદક દ્વારા મરચાં પાવડરનો જથ્થો વધારવા અને તેનો દેખાવ લાલચોળ કરવા માટે લોકોના આરોગ્ય માટે અત્યંત ઘાતક એવો કૃત્રિમ કેમિકલ કલર પાવડર, ઘઉંનું ભુસું તથા ધાણા પાવડર જેવા પદાર્થોનું મિશ્રણ કરવામાં આવતું હતું. સ્થળ પરથી ફૂડ વિભાગની ટીમે કુલ ૬,૦૭૧ કિલો જેટલો વિશાળ શંકાસ્પદ જથ્થો શોધી કાઢ્યો હતો. જેમાંથી રૂ. ૨.૪૫ લાખની કિંમતનો ૩,૫૭૧ કિલો શંકાસ્પદ મરચાં પાવડર અને ભેળસેળની સામગ્રી જપ્ત કરી સીલ કરવામાં આવી હતી. આ ઉપરાંત ૨,૫૦૦ કિલો જેટલો એક્સપાયરી ડેટ વીતી ગયેલો ખરાબ જથ્થો મળી આવતાં તેને તાત્કાલિક ડીસા નગરપાલિકાની ડમ્પિંગ સાઈટ પર લઈ જઈને નાશ કરવામાં આવ્યો હતો. સ્થળ પરથી મરચાં પાવડર, કલર અને રો-મટીરિયલ સહિતના કુલ ૯ સેમ્પલ પૃથક્કરણ અર્થે સરકારી ફુડ લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા છે. ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ એક્ટ હેઠળ દર્શન માર્કેટીંગના માલિક સામે કાયદેસરનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. લેબોરેટરી રિપોર્ટ આવ્યા બાદ ભેળસેળના પ્રકાર અને તેનાથી થતા આરોગ્યના જોખમને આધારે પેઢી સામે વધુ કડક કોર્ટ કાર્યવાહી કરવામાં આવશે.

# લોકો ધારે તો જંગલ ખાતાના લોકોને ફરકવા ન દે : સાંસદ મનસુખ વસાવાના ફોરેસ્ટ ડીપાર્ટમેન્ટ પર આકરા પ્રહાર

પ્રતિનિધિ,ગાંધીનગર

નર્મદા જિલ્લાના સાગબારા ખાતે જંગલ જમીન ખેડાણના મુદ્દે ચાલી રહેલુ આંદોલન હવે વધુ ઉગ્ર બની રહ્યુ છે. ધરણા પ્રદર્શનનો આજે સોમવારે ૧૭ મો દિવસ હતો. ત્યારે આંદોલન સ્થળે ભાજપના જ વરીષ્ઠ સાંસદ મનસુખ વસાવાએ મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન તેમણે ફોરેસ્ટ વિભાગની કામગીરી સામે આક્રોશ વ્યકત કરી એક સ્ફોટક નિવેદન આપ્યુ હતું.

સાંસદ મનસુખ વસાવાએ આક્ષેપ કર્યો હતો કે ફોરેસ્ટ વિભાગ દ્વારા વિવાદાસ્પદ જમીન પર બળજબરીથી રોપા રોપવાની કામગીરી કરવામાં આવી રહી છે, જેને કારણે સ્થાનિક લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. તંત્ર પર પ્રહાર કરતા તેમણે જણાવ્યુ હતુ કે લોકો જો ધારે તો જંગલ ખાતાના લોકોને અહીં ફરકવા પણ ન દે, પરંતુ અમે જ લોકોને સમજાવી રહ્યા છીએ જેથી શાંતિ જાળવી શકાય, તેમણે સ્પષ્ટ કહ્યુ હતુ કે આ આંદોલન ગાંધી ચિંધ્યા માર્ગે જ ચાલુ રાખવાનો સંકલ્પ છે, સાથે જ ડીએફઓ અને અન્ય અધિકારીઓ સામે પણ ગંભીર આક્ષેપો કરતા મનસુખ વસાવા એ માંગ કરી છે કે હાલ હક દાવાની વાત બાજુ પર રહેવા દો અને માત્ર ખેડાણ કરવાની મંજુરી આપવામાં આવે, આગામી ૨૫ કે ૨૬ ઓગસ્ટે આ અંગે સરકાર દ્વારા કોઈ મોટો નિર્ણય લેવામાં આવે તેવી પ્રબળ શકયતા છે.



# મહિને માત્ર પંદર હજાર રૂપિયા કમાતા રાજસ્થાનના અજમેર જિલ્લાના દરજીને મળી ૯૭૫ કરોડની ઈનકમટેક્સ વિભાગની નોટિસ

(છગનલાલ મેવાડા દ્વારા) સુરત રાજસ્થાનના અજમેર જિલ્લાના ગોવિંદગઢમાં રહેતા ૬૨ વર્ષના રેખરાજ ઠાડા નામના વડીલ મજૂરી કરીને દર મહિને માંડ ૧૫,૦૦૦/- કમાય છે. જોકે તાજેતરમાં સુરતના ઈનકમટેક્સ વિભાગ તરફથી તેમના ઘરે એક નોટિસ પહોંચી ત્યારે આખા પરિવારના હોશ ઊડી ગયા હતા. આ નોટિસ કોઈ નાની-મોટી રકમની નહીં પણ રૂ. ૯૭૫ કરોડનો ટેક્સ ચૂકવવા માટેની હતી.

નોટિસમાં રેખરાજજીને સુરતની "રૂપ રજત ડાયમંડ પ્રાઈવેટ લિમિટેડ" નામની કંપનીના ડિરેક્ટર તરીકે દર્શાવવામાં આવ્યા હતા. ગભરાયેલા પરિવારે જ્યારે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ મારફત તપાસ કરાવી તો ખબર પડી કે તેમના નામનો ઉપયોગ કરીને સુરતની જ બીજી "જય બાબેરી ડાયમંડ પ્રાઈવેટ લિમિટેડ" નામની શેલ કંપનીમાં તેમને ડિરેક્ટર બનાવી દેવાયા છે. અહીં નવાઈની વાત એ છે કે રાજસ્થાનમાં રહેતા રેખરાજ ક્યારેય ગુજરાત ગયા જ નથી. કોઈ ઠગ ટોળકીએ તેમના આધાર અને PAN કાર્ડનો દુરુપયોગ કરીને કાગળ પર ડાયમન્ડ કંપનીઓ ઉભી કરીને કરોડોના કાળા નાણાંની હેરફેર કરી નાખી છે.

કંપનીના સરનામે તપાસ કરવામાં આવી ત્યારે ત્યાં કોઈ ડાયમન્ડ કંપનીને બદલે ૧૯૯૭ થી ચાલતી એક મિકેનિકલ વર્કશોપ નીકળી હતી. આટલા મોટા ફ્રોડ સામે હવે દરજી પરિવારે પોલીસમાં સત્તાવાર ફરિયાદ નોંધાવી છે. આને કહેવાય વહીવટ ની પારદર્શિતાની આરપાર નો નમૂનો.

# રાજયમાં બટાકાના ભાવ નહી મળતા ૮૦૦ કરોડનુ નુકશાન : ખેડુતોએ સરકાર પાસે સહાય ની કરી માંગ



પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં સૌથી ખર્ચાળ અને મોંઘી બટાકાની ખેતી થાય છે. ચાલુ વરસે ૭ થી ૮ કરોડ કટ્ટાનુ ઉત્પાદન થવા પામ્યુ છે. જેમાંથી ૫૦ ટકા પ્રોસેસીંગ અને ૫૦ ટકા બટાકા રાશન એટલે કે ખાવાના ઉપયોગ માટે ઉત્પાદન થયુ છે. જો કે આ ૪ કરોડ કટ્ટામાં હાલમાં ખેડુત અને મુડી માં પર કટ્ટા દીઠ ૨૦૦ રૂપીયાનુ નુકશાન થઈ રહ્યુ છે. એટલે કે અંદાજે ૮૦૦ કરોડ રૂપીયાનુ નુકશાન ખેડુતોને મુડીમાં થઈ રહ્યુ છે.

જો કે હાલમાં બટાકા પ્રતિકિલો ૫ થી ૭ રૂપીયે વેચાઈ રહ્યા છે. જેમાં થતી આવક માત્ર કોલ્ડ સ્ટોરેજના ભાડા, બારદાન અને મજુરી ખર્ચ પુરતી છે. ત્યારે મજુરી અને બિયારણના પ્રતિ કટ્ટે ૨૦૦ નુ નુકશાન હાલ ખેડુતોને થઈ રહ્યુ છે. ખેડુતો દ્વારા સરકાર પાસે સહાય માટે બે વખત આવેદનપત્ર પણ આપી ચુકયા છે. પરંતુ સરકાર હજુ સુધી કોઈ નિર્ણય લઈ શકી નથી. ખેડુતોએ આ નુકશાની ભરપાઈ માટે હવે સરકાર પાસે મદદ માંગી છે. રાજય સરકાર દ્વારા ખેડુતોને કોલ્ડ સ્ટોરેજ ભાડામાં કે ટ્રાન્સપોર્ટ ભાડામાં કે પછી એકર દીઠ વાવેતરમાં સહાય નકકી કરી આપે તેવી આશા વ્યકત કરાઈ છે. ખેડુતોને છેલ્લા ૩-૪ વરસથી રાજય સરકારની ૪ ટકા વ્યાજ લોન પણ મળતી નથી. જેથી ખેડુતો વ્યાજ લોન પણ સમયસર આપવાની માંગણી કરી રહ્યા છે. રાજય સરકાર ખેડુતોને મદદરૂપ નહી થાય તો ખેડુતો દેવાના ડુંગરા નીચે દબાઈ જશે તેવી સ્થિતિ હાલ જોવા મળી રહી છે.

ડીસાના જાણીતા વેપારી રમેશભાઈએ જણાવ્યુ હતુ કે ચાલુ વરસે યુપી અને બંગાળમાં ઓવર પ્રોડકશન થવાના કારણે બટાકાની માંગ ઘટી છે. જેના કારણે ભાવ દિન પ્રતિદિન ગગડી રહ્યા છે. જો કે ગુજરાતમાં ચાલુ વરસે ૪ કરોડ કટ્ટા રાશન માટેના ઉત્પાદન થયા હતા. જેમાં પ્રતિ કટ્ટા દીઠ હાલ ખેડુતને રૂપીયા ૨૦૦ નુ નુકશાન થઈ રહ્યુ છે અને જે પ્રમાણે અંદાજીત ૭૦૦ થી ૮૦૦ કરોડ રૂપીયાનુ નુકશાન છે, સરકાર ખેડુતોની સહાય માટે ૩ ઓપ્શન આપી શકે છે. જેમાં કોલ્ડ સ્ટોરેજ ભાડા સહાય , ટ્રાન્સપોર્ટ ખર્ચ માં સહાય કે પછી બટાકાના વાવેતરમાં એકર દીઠ સહાય નકકી કરીને મદદરૂપ થઈ શકે તેમ છે. સરકારે ખેડુતોના હિતમાં નિર્ણય લેવો જરૂરી છે.

# સમગ્ર ગુજરાત માં દારૂબંધી નો કડક અમલ કરાવી શકાતો ના હોય તો દારૂબંધી હટાવી દેવી જોઈએ

## ભાવનગર સહિત સમગ્ર ગુજરાત માં જ્યારે ખુલ્લે આમ દારૂ નો વેપલો ચાલતો હોય ત્યારે જવાબદારી ચૂંટાયેલા પદાધિકારીઓની પણ એટલી જ બનતી હોય છે

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત સમગ્ર ગુજરાત માં ચકચાર મચાવનાર ભાવનગરના નકલી દારૂ કાંડ ને કારણે ૧૩ વ્યક્તિઓના થયેલા મોતનો મામલો હાલ માં અખબારોમાં જે પ્રમાણે ગુજરાત રાજ્ય ની સરકાર માટે માથાના દુઃખાવા સમાન બની રહ્યો છે. ત્યારે સવાલ એ છે કે શું દારૂના દૈત્યને નાથવાનું કામ માત્ર પોલીસ તંત્ર ની જ જવાબદારી છે? કેમ આ અંગે ચૂંટાયેલા જે તે વિસ્તારના કોર્પોરેટરો, ધારાસભ્યો અને સંસદ સભ્યોની પણ એટલી જ બનતી હોય છે. જો જે તે ચૂંટાયેલા જન પ્રતિનિધિઓના વિસ્તારોમાં ખુલ્લે આમ દારૂ વેચાતો હોય અને ચૂંટાયેલાઓ ગમે તે પક્ષના હોય એ આ દારૂ ના અડ્ડાથી અજાણ હોય ખરા? જવાબ છે ના, કારણકે આ એજ દારૂવાળાઓ છે જેમની ઉપર રાજકારણીઓની છત્રછાયા હોય છે અને આજ ચૂંટાયેલા નેતાઓ ચૂંટણીઓમાં દારૂવાળાઓના સહારે જ ચૂંટણીઓ જીતતા હોય છે.

એને કારણે પોલીસ પણ દેખાવ પૂરતા જ દરોડા પાડીને નામના જ દારૂ ના કેસો કરીને દારૂવાળાઓ સાથે મસ મોટા હપ્તાઓનું સેટિંગ કરી પોતાના રોટલા શેકતા થઈ જતાં હોય છે. જ્યારે દારૂ પીધેલા કે વેચનાર પકડાય ત્યારે પોલીસ ઉપર આવા રાજકારણીઓના ફોન આવી જતાં હોય છે.અને પકડાયેલ વ્યક્તિ સારો માણસ કે કાર્યકર છે.એમ કરી પોલીસની કાર્યવાહીમાં વિધ્ન નાંખવામાં આવે છે.

આ હપ્તાનું રાજકારણ નીચે પોલીસ તંત્રથી લઈ ને ઉપર ગૃહ ખાતા સુધી ચાલતું હોવાથી કપડા માં જ્યારે બધા જ નાગા હોય ત્યારે પ્રજા પણ બિચારી બાપડી બનીને તમાસો જોયા સિવાય કરી પણ શું શકે? આને લઈ ને ભૂતકાળ માં પણ લઠ્ઠાકાંડ માં ૧૫૦ ઉપરાંત માનવીઓના મૃત્યુ થયા હોવા છતાં જો વારંવાર દારૂનો દૈત્ય નગ્ન નાચ કરી ૧૩ વ્યક્તિઓને ભખી જતો હોય ત્યારે ગાંધીના ગુજરાત માં કહેવાતી દારૂબંધીનું નાટક શા માટે?

રાજય ના દરેક ગામ થી લઈ ને મોટા મોટા, શહેરો માં ચાલતા દેશી, વિદેશી દારૂના અડ્ડાઓ ખાનગી જગ્યાઓ તો ઠીક સરકારી જગ્યાઓ ઉપર પણ ચાલતા હોય છે જેની કોર્પોરેટરો,ધારાસભ્યો અને સંસદસભ્યોને જાણકારી હોવા છતાં આજદિન સુધી આ અડ્ડાઓ કેમ બંધ થતા નથી. કારણકે દારૂના અડ્ડાવાળાઓ સાથે પોલીસ અને રાજકારણીઓની મીલીભગતન કારણે આવા અડ્ડાઓ ધમધમતા હોય છે. આપણા માં કહેવત છે કે જ્યાં વાડ જ ચીભડા ગળે ત્યાં ફરિયાદ કોને કરવી? એવું જ દારૂ ના અડ્ડાવાળાઓનું છે. જો પ્રજા દારૂવાળા ની વિરૂદ્ધ ફરિયાદ કરે તો પોલીસ તો ઠીક પણ ચૂંટાયેલાઓ જ ફરિયાદીને આડકતરી રીતે ધાક ધમકી આપીને એનકેન પ્રકારે ચૂપ કરી દેતા હોય છે એને લઈ ને દારૂવાળાઓની હિંમત પણ વધી જતી હોય છે અને અડ્ડાઓ ધમધમતા હોય છે.

# ગુજરાતની શર્મનાક ઘટના

# વલસાડમાં મંદિર પાસે બોલાવી સગીરાને અવાવરૂ જગ્યાએ લઈ ગયા : પછી ૩ શખ્સોએ કર્યો ગેંગરેપ




પ્રતિનિધિ,ગાંધીનગર

વલસાડ શહેરમાં સોશીયલ મીડીયાના માધ્યમથી થયેલી ઓળખાણ બાદ એક સગીરા સાથે સામુહિક દુષ્કર્મ (ગેંગરેપ) આચરવામાં આવ્યુ હોવાની સનસનાટીભરી ઘટના બનવા પામી છે. તીથલ ખાતે આવેલા પ્રખ્યાત સાઈબાબા મંદિર નજીકના એક અવાવરૂ વિસ્તારમાં બોલાવીને ૩ નરાધામોએ સગીરા પર હેવાનીયત આચરી હતી. આ ચકચારી મામલે વલસાડ સીટી પોલીસ મથકે ગુન્હો નોંધાતા જ સમગ્ર વિસ્તારમાં અરેરાટી સાથે ખળભળાટ મચી જવા પામ્યો છે.

મળતી વિગતો અનુસાર વલસાડમાં રહેતી સગીરાનો આશરે ૬ મહિના પહેલા સોશીયલ મીડીયા પર એક સગીર વયના યુવક સાથે સંપર્ક થયો હતો. જે બાદ બંને વચ્ચે અવાર નવાર વાતચીત થતી હતી. ગઈ કાલે આરોપીએ વાતચીત દરમિયાન સગીરાને તીથલ સ્થિત સાંઈબાબા મંદિર પાસે મળવા માટે બોલાવી હતી. સગીરા ત્યાં પહોચતા જ આરોપી તેને મંદિર નજીકની એક એકાંત અને અવાવરૂ જગ્યાએ લઈ ગયો હતો અને પ્રથમ તેણે દુષ્કર્મ આચર્યુ હતું. ત્યારબાદ વિકૃત માનસિકતા ધરાવતા આ મુખ્ય આરોપીએ પોતાના અન્ય ૨ મિત્રોને પણ સ્થળ પર બોલાવી લીધા હતા અને ત્રણેય જણાએ વારાફરતી સગીરાને પોતાની હવસનો શિકાર બનાવી હતી. આ ઘાતકી કૃત્ય આચર્યા બાદ આરોપીઓ સગીરાને પરત મુકવા જઈ રહ્યા હતા. તો બીજી તરફ સગીરા મોડે સુધી ઘરે પરત ન ફરતા ચિંતિત પરીવારજનો રસ્તા પર તેની શોધખોળ કરી રહ્યા હતા. પરીવારજનોની શોધખોળ અને સ્થાનિક લોકોની અવર જવર જોઈને પકડાઈ જવાના ડરે આરોપીઓ સગીરાને રસ્તામાં જ છોડીને સ્થળ પરથી નાસી છુટયા હતા. મોડી રાત્રે આશરે દોઢ વાગ્યાના સુમારે પરીવારજનોને સગીરા મળી આવી હતી. ગંભીર આઘાતમાં સરી પડેલી સગીરાએ પુછપરછ દરમિયાન પોતાની સાથે બનેલી સમગ્ર આપવીતી પરીવાર સમક્ષ રજુ કરી હતી. ઘટનાની જાણ થતા જ પરીવારજનોએ જરાય વિલંબ કર્યા વગર વલસાડ સીટી પોલીસ સ્ટેશને પહોચીને વિધિવત ફરીયાદ નોંધાવી હતી. પોલીસે મામલાની સંવેદનશીલતા અને ગંભીરતાને ધ્યાનમાં રાખીને તુરંત જ સામુહિક દુષ્કર્મ (ગેંગરેપ) તેમજ એટ્રોસીટી એકટ હેઠળ ગુન્હો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. ઘટનામાં સંડોવાયેલા તમામ આરોપીઓને ઝડપી લેવા માટે પોલીસે અલગ અલગ ટીમો બનાવીને શોધખોળના ચક્રો ગતિમાન કર્યા છે.

# અમદાવાદની ખાનગી હોસ્પિટલોમાં ઉંઘાડી લુંટ: રૂમચાર્જ ૩-સ્ટાર અને ૪- સ્ટાર હોટલ થી પણ મોંઘા




પ્રતિનિધિ,ગાંધીનગર

ખાનગી હોસ્પિટલો હવે લુંટ ચલાવી રહી છે. ખાનગી હોસ્પિટલમાં સારવાર કરાવવી દિવસે ને દિવસે સામાન્ય માણસ માટે મોંઘી બની રહી છે. ખાસ કરીને મધ્યમ વર્ગીય અને ગરીબ પરીવારો માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ થવુ આર્થિક રીતે મોટો પડકાર બની રહ્યુ છે. હવે ખાનગી હોસ્પિટલોના રૂમચાર્જ ને લઈને પણ ગંભીર સવાલો ઉભા થયા છે. સંસદીય સમિતિએ પણ આ મુદ્દો ઉઠાવ્યો છે અને સરકારને ખાનગી હોસ્પિટલોના રૂમચાર્જ નકકી કરવા અંગે વિચારણા કરવાની અપીલ કરી છે.

આ સમગ્ર મુદ્દે અમદાવાદ શહેરમાં અલગ અલગ ખાનગી હોસ્પિટલોના રૂમચાર્જ અંગે તપાસ કરવામાં આવી હતી. સામે આવેલી વિગતો મુજબ કેટલીક હોસ્પિટલોમાં સ્પેશ્યલ અને ડીલક્ષ રૂમનુ એક દિવસનુ ભાડુ રૂપીયા ૫ હજારથી લઈને ૫૦ હજાર સુધી પહોચી ગયુ છે. આ ચાર્જ ઘણીવખત ૩-સ્ટાર અને ૪-સ્ટાર હોટલના એક દિવસના રૂમભાડા કરતા પણ વધારે હોવાનુ બહાર આવ્યુ છે. ખાનગી હોસ્પિટલમાં દર્દીને દાખલ કરવામાં આવે ત્યારે માત્ર રૂમનુ ભાડુ જ ચુકવવાનુ હોતુ નથી. રૂમચાર્જ ઉપરાંત સારવારનો ખર્ચ, ડોકટરની વિઝીટ ફી અને દવાનો ખર્ચ અલગથી થાય છે. એટલુ જ નહી હોસ્પિટલમાં રૂમની કેટેગરી બદલાય ત્યારે ડોકટરની વિઝીટ ફી, નર્સિંગ ચાર્જ અને કેટલીક સારવાર અથવા સર્જરી સાથે જોડાયેલા ચાર્જમાં પણ વધારો થઈ શકે છે. પરીણામે મોટી ખાનગી હોસ્પિટલોમાં સારવારનો કુલ ખર્ચ દર્દીના પરીવાર માટે ખુબ જ વધારે બની શકે છે. મધ્યમ વર્ગ અને ગરીબ વર્ગના પરીવારો માટે ગંભીર બિમારીના સમયે હોસ્પિટલમાં દાખલ થવુ એટલે ઘણી વખત તેમની વરસોની બચત ખર્ચાઈ જવાની સ્થિતિ ઉભી થઈ શકે છે.

અમદાવાદની કેટલીક જાણીતી હોસ્પિટલોના ચાર્જ પ્રમાણે જોઈએ તો (૧) હેલ્થ વન હોસ્પિટલ રૂમચાર્જ રૂપીયા ૪૫૦૦ થી રૂપીયા ૧૦ હજાર (૨) એબી પ્લસ હોસ્પિટલ રૂપીયા ૫ હજાર થી રૂપીયા ૨૫ હજાર (૩) સીમ્સ હોસ્પિટલ રૂપીયા ૮ હજાર થી રૂપીયા ૨૫ હજાર (૪) એપોલો હોસ્પિટલ રૂપીયા ૮ હજાર થી રૂપીયા ૪૫ હજાર રૂપીયા સુધીનો રૂમચાર્જ હોય છે. આ આંકડા દર્શાવે છે કે ખાનગી હોસ્પિટલોમાં રૂમની કેટેગરી અને સુવિધા પ્રમાણે એક દિવસના ચાર્જમાં મોટો તફાવત જોવા મળે છે.

અમદાવાદની ૩-સ્ટાર અને ૪-સ્ટાર હોટલના એક દિવસના રૂમચાર્જ ની સરખામણી કરવામાં આવે તો કેટલાક કેટેગરી મુજબ હોસ્પિટલોના ભાવ હોય છે. જેમાં (૧) ૩-સ્ટાર હોટલ એક દિવસનુ રૂમભાડુ રૂપીયા ૨૫૦૦ થી રૂપીયા ૪૫૦૦ (૨) ૪-સ્ટાર હોટલ ૫ હજાર થી રૂપીયા ૯ હજાર, આ સરખામણીમાં ખાનગી હોસ્પિટલોના કેટલાક સ્પેશ્યલ અને ડીલક્ષ રૂમના ચાર્જ ૩-સ્ટાર અને ૪-સ્ટાર હોટલના રૂમ રેટ કરતા પણ વધારે જોવા મળે છે. હોટલમાં રહેવા માટે વિવિધ લકઝરી સુવિધાઓ ઉપલબ્ધ હોવા છતાં કેટલીક સ્થિતિમાં તેનુ એક દિવસનુ ભાડુ હોસ્પિટલના સામાન્ય સ્પેશ્યલ અથવા ડીલક્ષ રૂમ કરતા ઓછુ છે. પરંતુ હોસ્પિટલમાં રૂમ માત્ર રહેવાની જગ્યા નથી, રૂમની કેટેગરી બદલાતા ડોકટરની વિઝીટ ફી, નર્સિંગ ચાર્જ અને સારવાર અથવા સર્જરી સંબંધિત ખર્ચમાં પણ વધારો થઈ શકે છે. આ કારણે ખાનગી હોસ્પિટલોમાં સારવારનો કુલ ખર્ચ વધુ મોંઘો બની જાય છે.

આ વધતા ખર્ચ વચ્ચે હવે એવી માંગ ઉઠી રહી છે કે સરકારે ખાનગી હોસ્પિટલોના રૂમચાર્જ અંગે કોઈ નિયમ બનાવવો જોઈએ અને ચાર્જની મર્યાદા નકકી કરવી જોઈએ. માત્ર રૂમચાર્જ જ નહી પરંતુ ખાનગી હોસ્પિટલોએ રૂમના ચાર્જ અને સારવારને લગતી તમામ વિગતો ઓનલાઈન જાહેર કરવી જોઈએ. જેથી દર્દી અને તેના પરીવારને સારવાર શરૂ કરાવતા પહેલા અંદાજીત ખર્ચની જાણકારી મળી શકે. સંસદીય સમિતિએ પણ ખાનગી હોસ્પિટલોના વધતા ચાર્જ અંગે સવાલો ઉઠાવ્યા હતા અને આ મુદ્દે પોતાનો વિરોધ વ્યકત કર્યો હતો. હવે સરકાર આ મામલે શું નિર્ણય લે છે તેના પર સૌની નજર છે. ખાનગી હોસ્પિટલના વધતા ખર્ચ વચ્ચે ઘણા પરીવારો માટે મેડીકલ ઈન્શ્યોરન્સ એક મહત્વપૂર્ણ સહારો માનવામાં આવે છે. જો કે હવે વિમા કંપનીઓ દ્વારા પણ પ્રિમિયમના દરોમાં ૧૫ ટકા થી ૩૦ ટકા સુધીનો વધારો કરવામાં આવ્યો હોવાની વાત સામે આવી છે.

# ગુજરાતમાં ભાજપના જ બે જુથ વચ્ચે હિંસક અથડામણ : સોશીયલ મીડીયા કોમેન્ટ મુદ્દે કપડાં ફાડી મારામારી કરી ૪ ને લોહી લુહાણ



પ્રતિનિધિ,ગાંધીનગર

વડોદરા જિલ્લાના ડભોઈ તાલુકામાં આવેલા ભીલાપુર ગામમાં ભારતીય જનતા પાર્ટીના જ બે જુથો વચ્ચે સામ સામે વિવાદ સર્જાતા રાજકીય ગરમાવો આવી ગયો છે. સોશીયલ મીડીયા પર કરવામાં આવેલી એક કોમેન્ટ ને કારણે શરૂ થયેલો નવો વિવાદ જોત જોતામાં હિંસક સ્વરૂપ ધારણ કરી લીધુ હતું. ગામના જાહેર રોડ પર જ બંને જુથના કાર્યકરો અને સમર્થકો સામસામે આવી ગયા હતા અને એકબીજા પર છુટા હાથની મારામારી કરી કપડાં ફાડી નાંખ્યા હતા. આ હિંસક અથડામણમાં કેટલાક લોકો લોહી લુહાણ થઈ જતા વિસ્તારમાં ભારે સનસનાટી મચી જવા પામી હતી. મળતી માહિતી મુજબ આ સમગ્ર વિવાદની શરૂઆત વડોદરા જિલ્લા પંચાયત આરોગ્ય સમિતિના ચેરમેન ભાવેશ પટેલના ફેસબુક પેજ પર કરવામાં આવેલી એક પોસ્ટ થી થઈ હતી, આ પોસ્ટ પર એક પક્ષ દ્વારા કરવામાં આવેલી કોમેન્ટ અંગે બંને જુથો વચ્ચે પહેલા સામાન્ય બોલાચાલી થઈ હતી, સ્થાનિક સુત્રોના કહેવા પ્રમાણે બંને જુથો વચ્ચે ઘણા સમયથી જુની રાજકીય અદાવત ચાલી રહી હતી. જેમાં સોશીયલ મીડીયા પરની કોમેન્ટે આ અદાવતમાં આગમાં ઘી હોમવાનુ કામ કર્યુ હતું અને મામલો મારામારી સુધી પહોચી ગયો હતો. જાહેર રોડ રસ્તા પર થયેલી આ મારામારીના લાઈવ વિડીયો સ્થાનિકો દ્વારા કેમેરામાં કેદ કરી લેવાયા હતા. તો કેટલાક સ્થાનિકો કહી રહ્યા હતા કે વગર પૈસે પિકચર જોવા મળે છે ભાજપનું જોઈ લો, જે ટુંક સમયમાં સોશીયલ મીડીયામાં લાઈવ વિડીયો વાયરલ થયા હતા. આ ઘટનામાં કુલ ૪ લોકોને ગંભીર ઈજાઓ પહોચી હતી. ઈજાગ્રસ્તોને તાત્કાલીક સારવાર અર્થે વડોદરાની સયાજીરાવ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે. ઘટનાની જાણ થતા જ ડભોઈ પોલીસનો કાફલો તાકીદે ભીલાપુર ગામે પહોચી ગયો હતો અને પરિસ્થિતિ પર કાબુ મેળવ્યો હતો. પોલીસે ઘટનાસ્થળે પ્રાથમિક તપાસ હાથ ધરીને બંને જુથના લોકોની વિગતો મેળવવાની કવાયત શરૂ કરી છે. આ હિંસક અથડામણમાં કુલ કેટલા લોકો સામેલ હતા અને કાયદાકીય કાર્યવાહી કોની કોની સામે થશે તે અંગે પોલીસની વિગતવાર તપાસ બાદ જ સ્પષ્ટતા થશે.

# અમદાવાદના નાના ચિલોડામાં સુરતના નાસીરનગર જેવુ ભુતિયા ડિમોલેશન: કોર્પોરેશનની જાણ બહાર ૩ દુકાનો તોડી પડાઈ



પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

અમદાવાદ ના નાના ચિલોડા વિસ્તારમાં સુરતના નાસીરનગર જેવી ચોંકાવનારી ઘટના બનવા પામી છે. નાના ચિલોડા નજીક ૩ દુકાનોનુ ડિમોલેશન કરવામાં આવ્યુ હોવાની ઘટના બહાર આવતા સ્થાનિકોમાં ચર્ચા શરૂ થઈ છે. આશ્ચર્યની વાત એ છે કે આ કાર્યવાહી કોર્પોરેશનના નામે કરવામાં આવી હોવાની વાત બહાર આવી છે. પરંતુ અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશન આ સમગ્ર ઘટનાથી અજાણ હોવાનુ બહાર આવ્યુ છે. અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશનના સત્તાધીશોએ જણાવ્યુ છે કે જે કોઈપણ વ્યકિત કોર્પોરેશનના નામે ડિમોલેશન કર્યુ હશે, તે તમામ સામે કાર્યવાહી થશે અને કોર્પોરેશનને ડિમોલેશન સાથે કોઈ લેવાદેવા નથી. કોર્પોરેશન દ્વારા ડિમોલેશન ન કરાયુ હોવાની સ્પષ્ટતા કરાઈ છે. ત્યારે સત્તાવાર મંજુરી કે કાર્યવાહી વિના કોર્પોરેશનના નામે ૩ દુકાનો કોણે તોડી નાખી તે એક મોટો સવાલ ઉભો થયો છે. જો કે કોર્પોરેશન દ્વારા આ અંગે પોલીસ ફરીયાદ નોંધાવવામાં આવશે. ઘટનાને લઈને સ્થાનિકોમાં અનેક તર્કવિતર્ક ચાલી રહ્યા છે.

કોર્પોરેશનના નામનો ઉપયોગ કરીને કોઈએ કાર્યવાહી કરી છે કે પછી સમગ્ર મામલે અન્ય કોઈ કારણ છે, તે તપાસ બાદ જ સ્પષ્ટ થશે. હાલ દુકાનોનુ ડિમોલેશન કોણે કર્યુ અને કયા આદેશના આધારે કર્યુ તે અંગે જવાબદારી નકકી કરવાની માંગ ઉઠી છે.

# બનાસકાંઠા જિલ્લાની ડીસા જીઆઈડીસીમાં ભેળસેળયુકત અખાદ્ય મરચુ પાવડર બનાવતી દર્શન માર્કેટીંગ પર દરોડોઃ ૬ ટન જથ્થો ઝડપાયો



પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

બનાસકાંઠા જિલ્લાના ડીસા સ્થિત જીઆઈડીસી વિસ્તારમાં આવેલા દર્શન માર્કેટીંગ નામના ઉત્પાદન એકમ પર ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગની ટીમે સરપ્રાઈઝ દરોડો પાડયો હતો. આ એકમમાં દૈનિક વપરાશની અગત્યની વસ્તુ એવા મરચાં પાવડરમાં મોટાપાયે અખાદ્ય પદાર્થોની ભેળસેળ કરવામાં આવતી હોવાની બાતમી મળતા કડક કાર્યવાહી કરવામાં આવી છે. દરોડા દરમિયાન અધિકારીઓને માલુમ પડયુ હતુ કે ઉત્પાદક દ્વારા મરચાં પાવડરનો જથ્થો વધારવા અને તેનો દેખાવ લાલચોળ કરવા માટે લોકોના આરોગ્ય માટે અત્યંત ઘાતક એવો કૃત્રિમ કેમિકલ કલર પાવડર, ઘઉનુ ભુસુ તથા ધાણા પાવડર જેવા પદાર્થોનુ મિશ્રણ કરવામાં આવતુ હતું. સ્થળ પરથી ફુડ વિભાગની ટીમે કુલ ૬,૦૭૧ કિલો જેટલો વિશાળ શંકાસ્પદ જથ્થો શોધી કાઢયો હતો. જેમાંથી રૂપીયા ૨.૪૫ લાખની કિંમતનો ૩,૫૭૧ કિલો શંકાસ્પદ મરચાં પાવડર અને ભેળસેળની સામગ્રી જપ્ત કરી સીલ કરવામાં આવી હતી. આ ઉપરાંત ૨૫૦૦ કિલો જેટલો એકસપાયરી ડેટ વિતી ગયેલો ખરાબ જથ્થો મળી આવતા તેને તાત્કાલીક ડીસા નગરપાલિકાની ડમ્પિંગ સાઈડ પર લઈ જઈને નાશ કરવામાં આવ્યો હતો. સ્થળ પરથી મરચાં પાવડર, કલર અને રો મટીરીયલ્સ સહિતના કુલ ૯ સેમ્પલ પૃથ્થકરણ અર્થે સરકારી ફુડ લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા છે. ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડસ એકટ હેઠળ દર્શન માર્કેટીંગના માલિક વિરૂધ્ધ કાયદેસરનો ગુન્હો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. લેબોરેટરી રીપોર્ટ આવ્યા બાદ ભેળસેળના પ્રકાર અને તેનાથી થતા આરોગ્યના જોખમને આધારે પેઢી વિરૂધ્ધ વધુ કડક કોર્ટ કાર્યવાહી કરવામાં આવશે.

# અમદાવાદ એરપોર્ટ પર રૂપિયા ૮૪ લાખના સોનાની દાણચોરી ઝડપાઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદ એરપોર્ટ ફરી એકવાર સોનાની દાણચોરીના પ્રયાસને કારણે ચર્ચામાં આવ્યું છે. કસ્ટમ વિભાગે શારજાહથી અમદાવાદ આવેલા એક મુસાફર પાસેથી અંદાજે રૂ.૮૪ લાખની કિંમતનું ૪૯૯ ગ્રામ ૨૪ કેરેટ સોનું જપ્ત કરીને મોટી કાર્યવાહી કરી છે. આ ઘટનામાં ભાવનગરના ૩૧ વર્ષીય મુસાફરની ધરપકડ કરવામાં આવી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, મુસાફરે સોનાની ચેઈન પોતાના ગળામાં પહેરી હતી અને તેને ચાલાકીપૂર્વક હાઈ નેક સ્વેટરની આડમાં છુપાવવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, કસ્ટમ અધિકારીઓની સક્રિયતા અને સતર્કતાને કારણે આ દાણચોરીનો પર્દાફાશ થયો હતો. કસ્ટમ વિભાગે સોનું જપ્ત કરીને મુસાફર સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.